જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૫-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વડાપ્રધાને વિશ્વનાં સૌથી મોટા ઉમિયા માતાનાં મંદિરનું કર્યું ભૂમિપૂજન

૨૦૧૯ પછી હું જ રહેવાનું છું,કોઈ ચિંતા ના કરતાઃ મોદી

૧૦૦ વિઘા જમીન પર ૧૦૦૦ કરોડના ખર્ચે વિશ્વ ઉમિયા ધામનું નિર્માણ થવાનું છે,વડાપ્રધાને ૪૧ ફૂટ ઉંચાઈની મા ઉમિયાની પ્રતિમાના દર્શન કર્યા સાથે સાથે ૫૧ ફૂટ ઉંચાઈના ત્રિશૂળનું પૂજન પણ કર્યું

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અમદાવાદમાં વિશ્વ ઉમિયા ધામનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. એસજી હાઈવે પર જાસપુર ગામ ખાતે ૧૦૦ વિઘા જમીન પર વિશ્વ ઉમિયા ધામનું નિર્માણ થવાનું છે. ત્યારે લાખો પાટીદારોની હાજરીમાં પીએમ મોદીએ ભૂમિપૂજન કર્યું. આ મહા ભૂમિપૂજન સ્થાને ૪૧ ફૂટ ઊંચાઈની મા ઉમિયાની પ્રતિમાના પીએમ મોદીએ દર્શન કર્યા હતા. સાથો સાથ ૫૧ ફૂટ ઊંચાઈના ત્રિશૂળનું પૂજન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પીએમ મોદીએ સૂચક નિવેદન કરતા આગામી લોકસભા ચૂંટણી જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો. મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીને યાદ કરતા કહ્યું કે જે કરવું હોય તે મોટું કરવું. નાનું શા માટે કરવું. મોદીએ કહ્યું કે દેશનો મિજાજ બદલાયો છે.

પીએમ મોદીએ વિશ્વ ઉમીયા ધામની ભૂમિ પૂજનનું અનાવરણ કર્યું. તેમણે પોતાના સંબોધનમાં બોલ મારી મા, ઉમિયા માના સૂત્રોચ્ચાર કરાવ્યા હતા. તો સાથે જ હર હર મહાદેવ પણ કહ્યું હતું. તેમણે ભારત માતા કી જયના ત્રણ જયકાર બોલાવ્યા હતા.

પીએમ મોદીએ ઉમિયા ફાઉન્ડેન પ્રસંગે પ્રયાગરાજના કુંભમેળાની વાત કરી હતી, તેમણે કહ્યું કે આ વખતે સ્વચ્છતાની બાબત વિશ્વના અખબારોમાં થઈ. પીએમ મોદીએ આધ્યાત્મિક વિશે વાત કરતા જણાવ્યું કે, હજારો વર્ષોનો આપણો ઈતિહાસ છે કે, આ દેશને ઋષિ, ખેડૂતો, ગુરુ, શિક્ષકોના યોગદાનથી બનેલું છે.



મોદીએ વધુમાં કહ્યું કે, દેશ માટે હંમેશા મરજીવીયાના કતાર લાગેલી છે. આ દેશની ચેતના તેની પ્રેરણા હશે. એક પ્રકારે આપણે આધ્યાત્મિક પરંપરા સામાજિક ચેતનાની કેન્દ્રમાં રહી છે. જેને કારણે સમાજ જીવનમાં સમયાનુકુળ પરિવર્તન આવ્યું છે. સમય જતા કેટલુક વિસરાયું છે.

પીએમ મોદીએ ભ્રૂણ હત્યા વિશે વાત કરતા જણાવ્યું કે, જો આપણે માતા ઉમિયાની પુજા કરતા હોય, અને ભ્રૂણહત્યા કરીએ તો માતા ઉમિયા આપણને માફ કરે કે ના કરે. કેમ ચૂપ થઈ ગયા. કહીને જણાવ્યું હતું. મોદીએ કહ્યું કે, હું પહેલા ઉંઝાથી ખુબ નારાજ રહેતો હતો. કારણ કે દિકરીઓની સંખ્યા ઉંઝામાં ખુબ જ ઓછી હતી. જેના કારણે હું તેમને ખુબ ઠપકો આપતો હતો. આ સાથે પીએણ મોદીએ સ્ત્રી ભ્રૂણ હત્યાને લઈને શપથ લેવડાવ્યા હતા, કે આપણે ક્યારેય ભ્રૂણ હત્યા નહી કરીએ. હવે આ પાપ આપણે નહીં કરીએ.

નવી પેઢીમાં કેટલીક બાબતો આવી રહી છે, આવનારી પેઢીને તબાહ કરી રહી છે. યુવા પેઢીને બચાવવી છે. વ્યસન, નશોના રસ્તે બાળકો ન જવા જોઈએ. પૈસાના જોરે આ વસ્તુઓ ઘરમાં ન ઘૂસે તે મા ઉમિયાના દરેક સંતાને જોવુ જોઈએ.

વીર જવાનો પરાક્રમ કરે તો નાનુ શુ કામ કરે. મોટુ કરે, પાકુકુ કરે, જ્યાં કરવાનુ હોય ત્યાં જ કરે. ભારતનો મિજાજ બદલાયો. ભારતના સામાન્ય માનવીનુ મન બદલાયુ છે. તેને કારણે દેશ આજે સંકલ્પ લઈ શકે છે અને સિદ્ધી હાંસિલ કરી શકે છે.

મોદીએ વસ્ત્રાલથી નિરાંત ચોકડી સુધી ૮૦૦ મી.ની મુસાફરી કરી નિરીક્ષણ પણ કર્યું

વડાપ્રધાને રાજ્યની પ્રથમ મેટ્રો ટ્રેનને લીલીઝંડી આપી

અમદાવાદ

જાસપુર ઉમિયાધામના ભૂમિપુજનનું ખાતમુહર્ત કર્યા બાદ પીએમ મોદીએ ગુજરાતની પ્રથમ મેટ્રોનું ઉદઘાટન કર્યું. ત્યારબાદ તેમને મુકબધિર બાળકો સાથે મેટ્રોની મુસાફરી કરી હતી. તેમની સાથે રાજ્યપાલ ઓ.પી. કોહલી, વિજય રૂપાણી અને નીતિન પટેલે પણ મેટ્રોની મુસાફરી કરી હતી. તેમણે વસ્ત્રાલથી નિરાંત ચોકડી સુધી ૮૦૦ મીટરની મુસાફરી કરી હતી. વસ્ત્રાલ પહોંચીને મોદીએ મેટ્રોના તમામ રૂટનું નિરીક્ષણ પણ કર્યું હતું. જો કે ૬ માર્ચથી સામાન્ય લોકો મેટ્રોમાં મુસાફરી કરી શકશે. વડાપ્રધાન મોદીએ મેટ્રોમાં બેસીને મુસાફરી પણ કરી. હાલ પ્રથમ તબક્કો વસ્ત્રાલ ગામ થી એપરલ પાર્ક સુધી શરૂ કરાયો છે. પ્રથમ તબક્કામાં વસ્ત્રાલ ગામથી શરૂ થઈને વસ્ત્રાલ, નિરાંત ચોકડી, રબારી કોલોની, અમરાઈ વાડી અને એપરલ પાર્ક એમ કુલ ૬ સ્ટેશનનો સમાવેશ થાય છે. આ મેટ્રોટ્રેન સંપૂર્ણ ઓટોમેટેક સંચાલિત છે. જોકે ટ્રેન પાયલટની હાજરી રહેશે. જ્યારે ઉદ્ઘાટનમાં



વડાપ્રધાનની એક ઝલક જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા છે. મેટ્રોમાં પેસેન્જરોની સુરક્ષા પર ભાર મુકાયો છે. કોઈ પેસેન્જર નીચે ટ્રેક પર ન પડે તે માટે દરેક પ્લેટફોર્મ પર પ્લેટફોર્મ સ્ક્રીનગાર્ડ લગાવાશે. જે ટ્રેન આવશે ત્યારે જ ખુલશે અને પેસેન્જર ટ્રેનમાં બેસી ત્યાર બાદ ઓટોમેટિક બંધ થઈ જશે. આ ઉપરાંત મેટલ ડિટેક્ટર, સ્કેનર મશીન પણ લગાવાશે. ટિકિટ લીધા વગર કે ટિકિટમાં દર્શાવેલા સ્ટેશનથી આગળની મુસાફરી નહીં કરી શકાય. દરેક સ્ટેશને ઓટોમેટિક ફેર કલેક્શન ગેટ લગાવાશે. જ્યાં ટિકિટ સ્કેન કર્યા બાદ આ ગેટ ખુલશે. દરેક સ્ટેશનના બંને છેડે ૩-૩ ટિકિટ બારી તેમજ ૨-૨ ટિકિટ વેન્ડિંગ મશીન મુકાયા છે.

જામનગરમાં મોદીનું ભવ્ય સ્વાગત,૯૬૬ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું

વાયુસેના પાસે રાફેલ હોત તો આપણો એકેય જાત નહીં,એમનો એકેય બચત નહીંઃ મોદી

જામનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે બે દિવસની ગુજરાતની મુલાકાતે આવી પહોંચ્યા છે. પીએમ મોદી સીધા જામનગર પહોંચ્યા હતા. અહીં તેમણે જી.જી. હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું હતું. પીએમ મોદીએ સૌની યોજનાનું લોકાર્પણ કર્યું હતું. તેમણે કહ્યું, હવે રણજીતસાગર ડેમમાં ન્યારી ડેમમાં નર્મદાનુ પાણી પહોંચશે. ન્યારી-૧ અને રણજિતસાગર ડેમમા લિંક નો શુભારંભ વડાપ્રધાન દ્વારા કરાયો હતો. રણજિત સાગર ડેમમાં તથા રાજકોટના ન્યારી-૧ ખાતે નર્મદા નીરના વધામણા કરાવ્યા. સાથે જ જોડિયા ખાતે તૈયાર થનાર ડિસિલેશન પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું. મોદીએ સભાની શરૂઆત કરતા તમામ લોકોને શિવરાત્રીને શુભેચ્છા આપી હતી. મોદીએ પોતાની શરૂઆત કેમ છો બધા? સુખમાં છોને? સાથે કરી હતી. સાથે કહ્યું હતું કે ભોળાનાથ સૌનું ભલું કરે. આ પ્રસંગે સૌની યોજનાનો ઉલ્લેખ કરતા આડતરી રીતે એર સ્ટ્રાઇક અંગે બોલતા મોદીએ કહ્યું કે, "તમને બધાને ખબર છે કે મને નાનું તો ફાવતું જ નથી. હમણા એવું જ થયું ને? ડચકા ખાતા કામ નહીં કરવાના. પાઈપ લાઈન નાખવી તો ૫૦૦ કિલોમીટરની નાખવાની. અમે હમણા ગરીબો માટે આવી જ યોજના શરૂ કરી. અમેરિકા, કેન્ડા, મેક્સિકોની જનસંખ્યાનો સરવાળો કરો એના કરતા વધારે લોકોને ભારતમાં આયુષમાન યોજનાનો લાભ મલશે." મોદીએ જણાવ્યું કે, "જ્યાં બીમારીના મૂળ હોય ત્યાં દવા કરવી પડે. એટલે કે જ્યાંથી બીમારી ઉભી થતી હોય તેની જ સારવાર કરવી પડે. આપણી બીમારી પાડોશમાં છે. તમે જામનગરમાં રહો છો એટલે પાડોશમાં જ રહો છે. તમને તો પહેલા વાવડ મળતા હશે. ભારતનું સૈન્ય જે કહે તેના પર તમને અને મને ભરોશો હોવા જોઈએ. અમુક લોકોને આ વાતમાં પણ પેટમાં દુઃખે છે." દેશ પાસે રાફેલ હોત તો આજે પરિણામ કંઈક જૂદુ હોય તેવા પોતાના નિવેદન અંગે મોદીએ કહ્યુ કે, "જેમને મારી વાત સમજાતી નથી તેમની પોતાની મર્યાદા છે.

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4Uકંપનીને ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી સેલ્સ ઓફિસર જોઇએ છે.

કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.

પગાર અનુભવ અને લાયકાત મુજબ

Mo. 75750 06847

Email : market4u19@gmail.com



MARKET 4U™

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનો ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત



GPS Market

RV-04

- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo - Go to play store
Download - GPSMARKET
User id : demo - password : 123456

ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.

Mo. 7575006847

શિવરાત્રીનાં મેળામાં સંતોનાં સાંનિધ્યે વ્યસનમુક્તિ ધર્મસંમેલન યોજાયુ



વ્યસન એ જીવનનું કલંક છે, વ્યસન થકી કુટુંબ બરબાદ થાય- વ્યસન વ્હોરી પોતાનું અહીત ના કરવુ- મોરારીબાપુ

જૂનાગઢ

ભવનાથમાં આવેલા પ્રકૃતીધામ ખાતે શિવરાત્રીનાં મહાપર્વે નિમિત્તે યોજાતા સંત સમંલનનો ચોથા દિવસનો વિષય હતો વ્યસનમુક્તિ, આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી સંતો પધારી ઉપસ્થિતોને વ્યસનમુક્તિ સંદર્ભે વાત કરી હતી. કાર્યક્રમમાં અધ્યક્ષીય સ્થાનેથી શિવરાત્રીનાં મેળામાં પધારેલ ભાવીકોને સંબોધતા જણાવ્યુ હતુ કે સાધકની જીંદગી એવી હોવી જોઈએ કે કોઈને નડે (બાધક બને) નહી તેવી હોવી જોઈએ, આત્મધન લુંટાઈ ના જાય તે માટે વ્યસનમુક્ત જીવન હોવુ જરૂરી છે. બ્રહ્મત્તત્વને પ્રાપ્ત કરવુ ધન છે, તંદુરસ્ત રહેવુ એ પણ ધન છે, તંદુરસ્તી જોખમાય તેવા વ્યસનો શરીર માટે અને કુટુંબ/પરીવાર માટે હાની કારક હોય છે. સાધુમત-લોકમત-નૃપમત અને વેદમતની વ્યાખ્યા આપી મોરારી બાપુએ લોકોને વ્સનમુક્ત સમાજની રચનામાં યોગદાન આપવા હિમાયત કરી હતી., બાપુએ વધુમાં જણાવ્યુ કે વ્યસન હોય તો ભજન અને ભક્તિનું હોવુ જોઈએ નહી કે હાનીકારક પદાર્થોનું સેવન, આમ વ્યસની પાસે ધન ટકતુ નથી અને વ્યસન વહોરી સ્વઅહીત ના કરવુ જોઈએ, મોરારીબાપુએ કુંભના મેળાનાં નેતૃત્વ અંગે જણાવતા કહ્યુ કે ગિરનારી શિવરાત્રીનો મેળો ગરવા ગિરનારના નેતૃત્વમાં યોજાવો જોઈએ, રાજય સરકારનાં શિવરાત્રીનાં મેળાનાં મીનીકુંભનાં નિર્ણયમાં સાધુમતની પરમીશનની વાત કરતા જણાવ્યુ કે રાજયનાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગયા વર્ષે શિવરાત્રીનાં પાવનપર્વે પધારી સાધુઓનો મત લઈને જે આયોજન કર્યુ તે સારહનીય છે. જિલ્લા પ્રશાસનનાં અધિકારીઓને ઉમદા આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. સંતસંમેલન બાદ સંતો અને શ્રોતાઓએ ગિરનારજીની મહાઆરતી કરી ધન્યતા અનુભવી હતી.

આ તકે સત્તાધાર રામેશ્વર મંદીરનાં મહંત ગોવીદબાપુ, મહામંડલેશ્વર વડવાળાધામથી કણીરામ બાપુ, હરીદ્વારથી પધારેલ અર્જુનપુરી બાપુ, કોલમીસ્ટ રાજેન્દ્ર શુક્લ, મહામંડલેશ્વર વિશ્વંભર ભારતીબાપુ સહિત સંતોએ અને મહાનુભાવોએ વ્યસનમુક્તિ સંદર્ભે પ્રેરક પ્રવચનો રજુ કર્યા હતા.

આ પ્રસંગે જૂનાગઢનાં આગેવાનો, સંતો અને ભાવીકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભવનાથ તિર્થક્ષેત્રમાં સંતસંમેલન બાદ રમત ગમત અને યુવા સાંસ્કૃતીક વીભાગ દ્વારા એક શામ શહિદો કે ના શૌર્યગીત કાર્યક્રમમાં કીર્તીદાન ગઢવી, સાંઈરામ દવે, લલીતાબેન ઘોડાદ્રા, બિહારીદાન ગઢવી, દેવરાજ ગઢવી સહિત સાથી કલાકારોએ દેશ ભક્તિ નાં ગીતોની રસ તરબોળ કર્યા હતા, બાદમાં રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભીખુદનભાઈ ગઢવી અને ગીતાબેન રબારી સહીત કલાકારોએ સાહિત્યરસની રસલહાણ કરી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે શિવરાત્રીનો મેળો ભજન ભોજન અને ભક્તિનો મેળો છે, જ્યાં જુઓ ત્યાં ભજનની સરવાણીઓ વહેતી જોવા મળે એ જ રીતે ભાવીકોને મનભાવન ભોજન પીરસીને એ.....હરી હર કરતા જાવ.....ની આહેલેક સાંભળવા મળે તેવા આ મેળામાં ખોડીયાર રાસ મંડળ હોય કે આપગીગાનું અન્નક્ષેત્ર હોય કે શેરનાથબાપુનો આશ્રમ હોય આવા અનેક સ્થળોએ હજારો ભાવીકો શુધ્ધ અને સાત્વીક ભોજન પ્રસાદ લઈને ભજનની ભક્તિમાં તલ્લની બને છે.

હળવદમાં શિવરાત્રી પર્વની શ્રધ્ધાપૂર્વક ઉજવણી હર હર મહાદેવના નાદથી શિવાલયો ગુંજી ઉઠયા જીવ થયો શિવમાં લિન





હળવદ એ બ્રહ્મ દેવોની નગરી અને છોટા કાશી તરીકે જગત વિખ્યાત છે હળવદ શહેરમાં ચારેબાજુ એ દેવાધિદેવ મહાદેવના ૫૦થી વધુ નાના મોટા શિવાલય આવેલા છે જોગાનુજોગ આજથી ૫૩૧ વર્ષ પહેલા મહા વદ તેરસ સોમવાર ના ઈ,સ, ૧૪૮૮ સવંત ૧૫૪૪ ના હળવદ ગામ નો પાયો રાજા રાજોધરજીએ નાખ્યો હતો હળવદ ની સ્થાપના શિવરાત્રીના દિવસે થઈ હતી તેથી હળવદ અને હળવદ બહાર વસતા હળવદ વાસીઓ માત્રુ ભૂમિ નું ઋણ ચૂકવવા અને દેવોના દેવ મહાદેવની કૃપા પ્રાપ્ત કરવા હળવદના શિવાલયોમાં વહેલી સવારથી મુકટા પહેરીનેભકતો ઉમટી પડીયા હતા, મહાશિવરાત્રી પર્વની ઉજવણી કરવા જુદા-જુદા શિવાલયોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો જેવા કે લઘુરુદ મહારુદ મહા આરતી ભાંગનો પ્રસાદ અભિષેક વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતુ,સોરાષ્ટના મીની સોમનાથ ગણાતા વૈજનાથ મહાદેવ મંદિર ખાતે સવારથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તોની ભીડ ઉમટી પડી હતી ત્યારે હળવદના શરણેશ્વર મહાદેવ મંદિરમાં પણ વહેલી સવારથી ભાવિક ભક્તોનો ઘોડાપુર ઉમટી પડ્યો હતો જ્યારે હળવદ ના અન્ય શિવાલય કાશીવિશ્વનાથ મહાદેવ ભીડભજંન મહાદેવ ભવાની ભૂતેશ્વર મહાદેવ ગૌલૌકેશ્વર મહાદેવ જાગનાથ મહાદેવ વગેરે શિવાલયોમાં અભિષેક કરવા ભક્તો વહેલી સવારથી લાંબી કતારો જોવા મળી હતી ભગવાન ભોળિયા શિવને દૂધ મધ શેરડીનો રસ ચોખા કારાતલ ભાંગ બીલીપત્રા વગેરે દ્રવ્યોથી મહાદેવની પૂજા અર્ચન અભિષેક કરાયો હતો આજે સમગ્ર શહેર નુ વાતાવરણ શિવ નાદ સાથે શિવમય બની ગયું હતું અને સમગ્ર શિવાલયો હરહરમહાદેવના નાદ થી ગુંજી ઉઠયા હતા અને જીવ થયો શિવ માં લીન થયો હતો વર્ષો જૂની પરંપરા અનુસાર મુજબ મહાદેવ ની પાલખીયાત્રા સમગ્ર શહેરમાં ફરે છે જેમાં શરણેશ્વર મહાદેવ વૈજનાથ મહાદેવ નીલકંઠ મહાદેવ ગૌલેશ્રવર મહાદેવ વગેરે મહાદેવની પાલખી વાજતે ગાજતે ડીજેના તાલ સાથે સમગ્ર શહેરમાં લોકોના ઘરે ઘરે પધરામણી થાય છે અને સેવકો દ્વારા વાજતેગાજતે હર હર મહાદેવના નારા સાથે શહેરમાં ફરે છે , શહેર ના સમગ્ર શિવાલય શિવ ભક્તોની ભારે ભીડ જામી હતી

મોરબી જિલ્લા આયોજન મંડળ હસ્તકના વિવિધ જોગવાઈ તળેના કામો સમય મર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ



મોરબી જિલ્લામાં વર્ષ ૨૦૧૯-૨૦ માટે અંદાજે રૂા.૭૩૭ લાખના ૩૨૮ વિકાસના કામો મંજુર કરાયા
મોરબી જિલ્લા આયોજન મંડળની જિલ્લાના પ્રભારીમંત્રી સૌરભભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને બેઠક સંપન્ન

મોરબી

તાલુકા પંચાયત કચેરી-હળવદમાં મોરબી જિલ્લા આયોજન મંડળની રાજયના ઉર્જમંત્રીઅને જિલ્લાના પ્રભારીમંત્રી સૌરભભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકમાં મોરબી જિલ્લા માટે વર્ષ-૨૦૧૯-૨૦ માટે વિવિધ જોગવાઈ તળેના અંદાજે રૂા.૭૩૭ લાખના ૩૨૮ વિકાસના કામોને મંજુરી આપવામાં આવી હતી.

આ કામોમાં વર્ષ-૨૦૧૯-૨૦ માટે જિલ્લાના મોરબી તાલુકાના રૂા.૧.૪૦ કરોડના ખર્ચે ૬૯ કામો, માળીયા(મી) તાલુકાના રૂા.૧.૧૦ કરોડના ખર્ચે ૫૬ કામો, ટંકારા તાલુકાના રૂા.૧.૦૪ કરોડના ખર્ચે ૪૬ કામો, વાંકાનેર તાલુકાના રૂા.૧.૬૭ કરોડના ખર્ચે ૮૮ કામો, હળવદ તાલુકાના રૂા.૧.૩૩ કરોડના ખર્ચે ૬૬ કામો અને મોરબી જિલ્લાની નગરપાલિકાઓના રૂા. ૮૩ લાખના ખર્ચે વિકાસના ૧૨ કામો આ બેઠકમાં મંજુર કરવામાં આવ્યા જેમાં પીવાના પાણી માટે રૂા. ૬૧.૨૫ લાખ, ભૂગર્ભ ગટરના કામો માટે રૂા. ૧૦૩.૧૦ લાખ, સી.સી.રોડના કામો માટે રૂા. ૧૦૧.૯૫ લાખ, પેવર બ્લોકના કામો માટે રૂા. ૬૬.૨૦ લાખ તથા અન્ય વિકાસના કામો માટે રૂા. ૪૦૪ લાખ મંજુર કરવામાં આવ્યા છે. જિલ્લાના પ્રભારી મંત્રી સૌરભભાઈ પટેલએ અગાઉના વિવિધ જોગવાઈ તળેના કામોની સમીક્ષા કરીને સમય મર્યાદામાં ગુણવતાયુકત કામો પૂર્ણ કરવા સંબંધકર્તા અધિકરીઓને તાકીદ કરી હતી. મંત્રીશ્રીએ પ્રગતીના કામોનું ફોલોઅપ લઈને આદર્શ પધ્ધતિ નું નિર્માણ કરવા જણાવ્યું હતું

સમગ્ર બેઠકનું સંચાલન જિલ્લા આયોજન અધિકારી એન.જી.ચૌહાણુ સંભાળ્યુ હતું. આ બેઠકમાં સુરેન્દ્રનગર સાંસદ દેવજીભાઈ ફતેપરા, જિલ્લા પંચાયત પ્રમુખ કિશોરભાઈ ચિખલીયા, જિલ્લા કલેકટર આર. જે. માકડીયા, જિલ્લા વિકાસ અધિકારી જાડેજા, ચેરમેન જિલ્લા સામાજિક ન્યાય સમિતિ, તાલુકા પંચાયતના પ્રમુખ ધમેન્દ સિહ ઝાલા, - હળવદ નગરપાલિકા પ્રમુખ હીનાબેન રાવલ શહેરભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ બીપીનભાઈ દવે હળવદ તાલુકા વિકાસ અધિકારી બી એન રાવલ, મામલતદાર વી કે સોલંકી, તથા અન્ય અધિકારીઓ બેઠકમાં હાજર રહયાં હતાં.

બોટાદ જીલ્લા પોલીસ દ્વારા બરવાળા વિસ્તારમાં સઘન પ્રોહી ચેકીંગ કરવામાં આવ્યુ

નાયબ પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર ભાવનગર વિભાગની સુચનાથી બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા ના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કડક અમલવારી માટે પ્રોહી ડ્રાઈવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં આજરોજ બોટાદ પરેડ ગ્રાઉન્ડ ખાતે પી.ટી. પરેડમાં અલગ અલગ પો.સ્ટે. માંથી પોલીસ અધિકારીઓ તથા પોલીસ કર્મચારીઓ આવેલ અને પી.ટી. પરેડ પુર્ણ થયા બાદ એલ.સી.બી.પો.ઈન્સ. એ ચ.આર.ગોસ્વામી રાણપુર પો.સ.ઈ. એ.પી.સલૈયા,બોટાદ પો.સ્ટે. પો.સ.ઈ. ડી.વી.ડાંગર,બરવાળા પો.સ્ટે. પો.સ.ઈ. આર.કે.પ્રજાપતિ એ અલગ અલગ ટીમો બનાવી બરવાળા પો.સ્ટે. વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ રેડો કરવામાં આવેલ જેમાં (૧) બિંદીયાબેન વા/ઓ ભુપતભાઈ દે.પુ. રહે.બરવાળા (૨) ભાવેશભાઈ ભીખાભાઈ પરમાર રહે.બરવાળા તથા (૩) વનરાજભાઈ રાજુભાઈ દે.પુ. રહે.ચોકડી તા.બરવાળા જી.બોટાદ વાળા ને ત્યાંથી દેશીદારૂ મળી આવતા તેઓના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરેલ છે અને બરવાળા પોલીસ સ્ટેશનમાં અલગ અલગ ત્રણ ગુનાઓ દાખલ કરવામાં આવેલ છે અને કુલ ૩૫ લીટર દેશી દારૂ કબ્જે કરવામાં આવ્યો હતો તથા ૨૦૦ લીટર વોશ નો સ્થળ ઉપર નાશ કરવામાં આવ્યો હતો





રાણપુરમાં ગીરનારી આશ્રમે મહાશિવરાત્રીની ઉજવણી કરવામાં આવી

પુલવામાં ભારત ના જવાનો ઉપર થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનો ને શ્રધાંજલી આપવા સાદાઈ થી મહાશિવરાત્રી ની ઉજવણી કરવામાં આવી





સમગ્ર ભારત દેશ માં મહાશિવરાત્રી ની ધામધુમ થી ઉજવણી કરવામાં આવી છે ત્યારે બોટાદ જીલ્લા ના રાણપુર માં પાળીયાદ રોડ ઉપર આવેલા ગીરનારી આશ્રમે મહંતશ્રી યોગી પુરણનાથજી બાપુ ની નિશ્રા માં વર્ષો થી પરંપરાગત મહાશિવરાત્રી ની ઉજવણી કરવામાં આવે છે જ્યારે થોડા સમય પહેલા પુલવામાં ભારતના સૈનિકો ઉપર આતંકી હુમલો થતા કેટલાય સૈનિકો શહીદ થતા આ વખતે પુરણનાથજી બાપુ દ્વારા મહાશિવરાત્રી ની સાદાઈ થી ઉજવણી કરવામાં આવી હતી જેમાં શહીદ થયેલા સૈનિકો ના આત્મા ને શાંતિ મળે તે માટે હોમાત્મક યજ્ઞ અને લઘુરૂદ્ર કરવામાં આવ્યો હતો તથા શિવ પુજન, નમઃશિવાય ધુન,સંતવાણી,મહાપ્રસાદ તથા લીલાગર પ્રસાદ સહીત અનેક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા રાણપુર પંથક ના શિવ ભક્તો મોટી સંખ્યામાં ગીરનારી આશ્રમે દર્શન કરવા ઉમટી પડ્યા હતા અને હર હર મહાદેવ ના નાદ થી વાતાવરણ ભક્તી મય બની ગયુ હતુ.જ્યારે રાણપુરના કપિલેશ્વર મહાદેવ,જડેશ્વર મહાદેવ,ભીડભંજન મહાદેવ સહીત તમામ મંદીરો માં મહાશિવરાત્રી ની ઉજવણી કરવામાં આવી હતી

વાયુસેનાને ફક્ત ટાર્ગેટ મળે છે જેને અમે હીટ કરીએ છીએ

અમે ટાર્ગેટને નિશાનો બનાવ્યો, લાશ ગણવી અમારું કામ નહીં: એર ફોર્સ ચીફ

જો અમે જંગલમાં બોમ્બ ફેંક્યા તો પાકિસ્તાને વળતો જવાબ કેમ આપ્યો?,પાકિસ્તાનમાં આતંકવાદ વિરૂદ્ધ ઓપરેશન હજી પૂર્ણ થયુ નથી

કોઈમ્બતૂર

પાકિસ્તાનમાં ઘૂસીને કરવામાં આવેલી એર સ્ટ્રાઈક પર વાયુસેના પ્રમુખ એર માર્શલ બી.એસ.ધનોઆએ સોમવારે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. કોઈમ્બતુરમાં મીડિયા સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, વાયુસેનાનું કામ



ટાર્ગેટને હીટ કરવાનું છું, અમે તે કર્યો. તેનાથી કેટલા આતંકી મર્યા તે ગણવાનું કામ અમારું નથી. ધનોઆએ કહ્યું હતું કે, વાયુસેનાને ફક્ત ટાર્ગેટ મળે છે, જેને અમે હીટ કરીએ છીએ. અમે તમને એ ન જણાવી શકીએ કે અંદર કેટલા લોકો હાજર હતા.

તેમણે કહ્યું હતું કે, બાલાકોટ એર સ્ટ્રાઈકમાં મરનારાઓની સંખ્યા સરકાર જણાવશે. આતંકીઓ વિરુદ્ધ હજુ અમારું ઓપરેશન પૂરું નથી થયું.

મિગ ૨૧ના ઉપયોગ કરવા પર વાયુસેના ચીફે કહ્યું હતું કે, જ્યારે આવી સ્થિતિ આવે છે, ત્યારે દરેક પ્રકારના લડાકૂ વિમાનોનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્લાન ઓપરેશન નહોતું. પાકિસ્તાનમાં અમે પ્લાન ઓપરેશનમાં આનો ઉપયોગ નહોતો કર્યો. વાયુસેના ચીફે કહ્યું હતું કે, જો અમે જંગલમાં બોમ્બ ફોડ્યા હોય તો પાકિસ્તાને રિસ્પોન્સ કેમ કર્યું.

આગામી ચાર દિવસમા ૨૫ લાખ ખેડૂતોનાં દેવા માફ કરીશું: મધ્યપ્રદેશ મુખ્યમંત્રી

ભોપાલ


મધ્યપ્રદેશની કોંગ્રેસ સરકાર આગામી ચાર દિવસમાં ૨૫ લાખ ખેડૂતોનાં દેવા માફ કરી દેશે તેમ મુખ્યમંત્રી કમલ નાથે જણાવ્યું છે. કોંગ્રેસ સરકારે જન કિશાન રુણ મુક્તિ યોજના અમલમાં મુકી છે. રવિવારે એક કાર્યક્રમને સંબોધન કરતા કમલ નાથે જણાવ્યું કે, ખેડૂતોનાં દેવા માફીની યોજના ત્યાં સુંધી ચાલુ રહેશે જ્યાં સુધી તમામ ખેડૂતોને તેનો લાભ ન મળે.

તેમણે વધુમાં જણાવ્યું કે આગામી ચાર દિવસમાં રાજ્યનાં ૨૫ લાખ ખેડૂતોનાં દેવા માફ થઇ જશે અને આ પ્રક્રિયા ચાલુ રહેશે અને તમામ હકદાર ખેડૂતોને તેનો લાભ મળશે. ૬૫ દિવસ પહેલા જ્યારથી સરકાર બની ત્યારથી ખેડૂતોનાં દેવા માફી માટે પ્રયાસ કરે છે અને એ વચન પુરુ કર્યુ છે".

મધ્યપ્રદેશનાં રાજગઢ જિલ્લામાં ૧૪૪ કરોડ રૂપિયા ખેડૂતોનાં દેવા રૂપે માફ કર્યા છે. મધ્યપ્રદેશ સરકારનાં જણાવ્યા અનુસાર, સરકારે ૫૫ લાખ ખેડૂતોનાં ૫૦ હજાર કરોડ રૂપિયા માફ કર્યા છે. કમલ નાથે વધુમાં જણાવ્યું કે તેમની સરકાર એવા પ્રયાસો કરે છે કે લોકોને નોકરીઓ મળે અને રાજ્યમાં ઈન્વેસ્ટમેન્ટ વધે.

તમે શિલાન્યાસ નહીં અમેઠીનું સત્યાનાશ કર્યું છે: સ્મૃતિ ઈરાનીનો પલટવાર





તંત્રી સ્થાનેથી...

નફરત કઈ રીતે રોકાય

દિલ્હી અને એનસીઆરની કેટલીક સ્કુલો દ્વારા ભારત-પાકિસ્તાન વચ્ચે હાલમાં તંગદીલી છે ત્યારે સોશિયલ મિડિયા પર ચાલી રહેલી નરફતને દુર કરવા માટે કેટલીક ખાસ પહેલ કરી છે. હાલમાં સોશિયલ મિડિયા પર ચાલી રહેલા નફરત ભરેલા અભિયાનના દુષ્પ્રભાવથી બાળકોને બચાવી લેવા માટે ખાસ પહેલ કરી છે. જો બાળકોના મનમાં કોઈ સવાલ છે તો તેનો જવાબ ચોક્કસપણે આપવામાં આવે તે જરૂરી છે. સ્કુલો દ્વારા પેરેન્ટસને કહેવામાં આવ્યુ છે કે તેઓ આ સંબંધમાં બાળકો સાથે વાતચીત કરે. બાળકોના મનમાં જો કોઈ વાત છે તો તેનો ચોક્કસપણે જવાબ આપવામાં આવે. બાળકોને વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવે તે જરૂરી છે. એવુ બની શકે છે કે બાળકો સોશિયલ મિડિયા પર પ્રચારિત કોઈ ખોટી માહિતીનો શિકાર હોય. વાલીઓ બાળકોને સાચી હકીકતથી વાકેફ કરે તે જરૂરી છે. એવુ પણ શક્ય છે કે કોઈ પ્રકારના ખરાબ પ્રચારના કારણે કોઈ બાળકને મનમાં ડર ન હોય. કોઈ બાળકો હતાશ થયા હોય તેમ પણ બની શકે છે. વાલીઓને આ બાબતની તરફ ધ્યાન આપવાની જરૂર છે કે તેઓ બાળકોમાં વિવેકપૂર્ણ દ્રષ્ટિ જન્માવે. કેટલીક સ્કુલોમાં તો શિક્ષક પણ આ કામ કરી રહ્યા છે. કેટલીક સ્કુલો દ્વારા હાલની સ્થિતીમાં સોશિયલ મિડિયાથી દુર રહેવા માટે બાળકોને સુચના આપી છે. અલબત્ત આ બાબત શક્ય નથી. આજના બાળકો આની સાથે જ જોડાયેલા છે. બાળકો વર્તમાન સમયમાં તમામ બાબતોથી વાકેફ રહે છે. એમ રણ નિષ્ણાંત કહે છે કે બાળકો સરળ રીતે વાસ્તવિકતા અને જુઠ્ઠાણાને સમજી શકતા નથી. બાળકો સોશિયલ મિડિયાના નિવેદનને પોતાની વિચારધારા બનાવી લે છે. પુલવામા ખાતે ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ સોશિયલ મિડિયામાં અલગ અલગ પ્લેટ ફોર્મ પર નફરત ભરેલી ટિપ્પણી અને ફોટાઓ આવવા લાગી ગયા હતા. ભારત દ્વારા હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદ તો જાણે પુર જેવી સ્થિતી આ પ્રકારના નિવેદન અને નફરતના સંદેશોનુ આવી ગયુ હતુ. માત્ર પાકિસ્તાન જ નહી બલ્કે દેશના કેટલાક સમુદાયના પ્રત્યે પણ ઝેર ઓંકવાની શરૂઆત થઈ ગઈ હતી. આ સિલસિલો હજુ પણ જારી રહ્યો છે. આ ક્રમમાં માત્ર મર્યાદાની મજાક કરવામા આવી ન હતી બલ્કે ઐતિહાસિક તથ્યોની સાથે પણ ચેડા કરવામા આવ્યા હતા. સરકારના નિવેદનોને પણ મરોડી મચડીને રજૂ કરવામાં આવ્યા હતા. રાજનેતાઓની મજાક કરવામા આવી હતી. સોશિયલ મિડિયા પર કેટલીક ટીમો તો ખાસ રીતે સક્રિય થઈ ગઈ હતી. આ તમામ ઘટનાક્રમની વચ્ચે એક ટીમ સોશિયલ મિડિયા પર એવી પણ હતી જે સ્વાર્થ માટે ઝેરી બિયા લગાવવામાં આવી રહ્યા છે. આજે એવા નાગરિક તૈયાર કરવાની જરૂર છે જે વિવેકવાન હોય. જેમની પાસે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ પણ હોય. જે તર્કની કસોટી પર તમામ બાબતોને સારી રીતે સમજી શકે. સોશિયલ મિડિયા પર અંકુશના પ્રયાસ કેટલાક સ્તર પર કરવામાં આવી રહ્યા છે. પરંતુ સૌથી મહત્વપૂર્ણ બાબત જાગૃતતા જગાવવા માટેની રહેલી છે. દેશની અન્ય સ્કુલો પણ આ દિશામાં વિચારે તે જરૂરી છે.

કેટલીક સ્કુલો દ્વારા સોશિયલ મિડિયા પર ચાલતી નફરતને દુર કરવા પ્રયાસો કરાયા

સેક્સ પાવરની દવા જોખમી

તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આધુનિક સમયમાં પુરુષો દ્વારા સેક્સ પાવર વધારતી દવાઓનો ઉપયોગ આડેધડ થઈ રહ્યો છે. પરંતુ આ દવાઓના દુરુપયોગથી સેક્સ લાઈફને નુકસાન થઈ શકે છે તેમ પણ એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે. માત્ર નજીવી ખુશી મેળવવા માટે આ પ્રકારની સેક્સ પાવર વધારતી દવાઓનો ઉપયોગ કરનાર લોકો પોતાની સેક્સ લાઈફને જોખમમાં મૂકી રહ્યા છે. અમેરિકામાં નવા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા પુરુષો પૈકીના મોટાભાગના પુરુષોએ અભ્યાસ બાદ આ મુજબની કબૂલાત પણ કરી હતી. તબીબોની સલાહ વગર સેક્સ પાવર વધારતી દવાનો ઉપયોગ કરનાર લોકોએ કબૂલાત કરી હતી કે તેમની સેક્સ લાઈફ ઉપર આડેધડ લીધા બાદ માઠી અસર થઈછે. ઈડી દવાનો ઉપયોગ કરવાની પરંપરા હાલના સમયમાં વધી ગઈ છે. પરંતુ આનાથી પુરુષોના આત્મવિશ્વાસને પણ અસર થઈ રહી છે. અભ્યાસ મુજબ ઈડી દવાનો ઉપયોગ કરનાર પુરુષોમાં શારીરિક રીતે સક્રિય રહેલા લોકોની સરખામણીમાં કોઈ વિશેષ ફાયદો દેખાયો નથી. સેક્સ વેળા સંતોષની બાબતને ધ્યાનમાં લેવામાં આવે તો આ પ્રકારની દવા કોઈ વધારે ફાયદો કરી રહી નથી. એકંદરે આવી દવાનો આડેધડ ઉપયોગ કરનાર લોકો તેમની સેક્સ લાઈફને લઈને સંતુષ્ટ દેખાયા નથી. તબીબોની સલાહ વગર આડેધડ દવા લેનાર લોકોને સાવધાન રહેવાની જરૂર છે. નવા સર્વેમાં આ બાબત સ્પષ્ટ થઈ ચૂકી છે. અમેરિકાભરમાંથી ૧૨ હજાર પુરુષોને આવરી લઈને આ અભ્યાસ કરાયા બાદ તેના તારણો જારી કરાયા છે. આમાં દવાના ઉપયોગ અને આ દવા કઈ રીતે અસર કરે છે તેની બાબત ધ્યાનમાં લેવામાં આવી હતી. દરમિયાન હાઈકોલેસ્ટેરોલ, હાઈબ્લડપ્રેશર, ડાયાબિટીશ અને અન્ય તકલીફ પણ આ દવાઓ સાથે સંકળાયેલી છે. અભ્યાસના પરિણામો સેક્યુલર મેડીસીનમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

હાર્ટ અટેકના ખતરાના સંકેતની અવગણના કરવી જોઈએ નહીં...

સફરમાં હાર્ટ અટેકના ખતરાના સંકેતો




પ્રવાસ દરમિયાન થનાર મોતમાં હાર્ટ અટેક સૌથી વધારે જવાબદાર હોવાનો દાવો તબીબો કરતા રહ્યા છે : સાવધાની ખુબ જરૂરી છે

સામાન્ય રીતે તો હાર્ટ અટેકના સંકેતોની અવગણના ક્યારેય કરવી જોઈએ નહીં પરંતુ સફર કરતી વેળા તો સાવધાની બિલકુલ જરૂરી હોય છે. શોધ કરનાર લોકોનુ કહેવુ છે કે સફર દરમિયાન થનાર મોતના મુખ્ય કારણ તરીકે હાર્ટ અટેક હોય છે. સ્પેનમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જો યાત્રા દરમિયાન હાર્ટ અટેક થાય તો સમયસર સારવાર જરૂરી હોય છે. જો સમયસર સારવાર મળી રહે તો લાંબા સમય સુધી તેના હકારાત્મક પરિણામ મળતા રહે છે. નિષ્ણાંતો કહે છે કે જો તમે સફર કરી રહ્યા છો અને આપના હાર્ટમાં દુખાવો થાય છે તો તેના લક્ષણ રહે છે. જેમ કે છાતિના હિસ્સામાં દુખાવો થાય છે. ગળા, કમર, પેટ અથવા તો ખભામાં દુખાવો થાય છે. સાથે સાથે ૧૫ મિનિટ સુધી દુખાવો રહે તો તરત એમ્બ્યુલન્સને બોલાવી લેવાની જરૂર હોય છે. હકીકતમાં લાંબા પ્રવાસ દરમિયાન ડિહાઈડ્રેશન, પગમાં દુખાવો, થાક, યાત્રા દરમિયાન હેરાનગતિ રહે છે તો પરેશાની વધે છે. પ્રવાસ દરમિયાન શરીરમાં લોહીના સંચારમાં અડચણો આવે છે તો તકલીફ થાય છે. આ સમસ્યા હાર્ટના દુખાવાની સમસ્યા ઉભી કરી શકે છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે મોટા ભાગના લોકોને હાર્ટ અટેકનો ખતરો પ્રવાસ દરમિયાન રહે છે. અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ઘરમાં થયેલા હાર્ટ અટેકના દર્દીની તુલનામાં હાર્ટ અટેકથી મૃત્યુનો ખતરો ૪૨ ટકા ઓછો થઈ ગયો છે. સફરમાં અટેક થયા બાદ યોગ્ય અને તરત સારવાર મળ્યા બાદ દર્દીએ વહેલી તકે પોતાના તબીબનો સંપર્ક કરવો જોઈએ. જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રીક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઈન્ડોથેલિયમના નાઈટ્રીક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. નાઈટ્રી ઓક્સાઈડ નાજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસ બ્લેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઈ હતી. પરિણામ દર્શાવે છે કે ફ્લેઓ નોઈડથી ભરપૂર સફરજન નાઈટ્રીક ઓક્સાઈડમાં સુધારો કરે છે. ને સાથે સાથે ઈન્ડોથેલિયરની કામગીરીમાં સુધારો કરે છે. કાર્ડિયોવેસ્કુલર હેલ્થ ઉપર અસર કરનાર ફેક્ટરને પ્રભાવિત કરવામાં સફરજન ઉપયોગી છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બિયર હાર્ટને સ્વસ્થ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અભ્યાસના આ તારણો બીયર પીનાર લોકો માટે સારા સમાચાર તરીકે છે. જો નવેસરના અભ્યાસની વાત માનવામાં આવે તો ઓછા પ્રમાણમાં અથવા તો મર્યાદિત પ્રમાણમાં બિયરનો ઉપયોગ આદર્શ તરીકે છે. આનાથી હાર્ટ સાથે સંબંધિત તકલીફનો ખતરો ઘટી જાય છે. બિયર પીવાની ટેવ ધરાવતાં ૨૦૦૦૦ લોકોને આવરી લઈને કરવામાં આવેલા વિશ્વવ્યાપી જુદા જુદા અભ્યાસના તારણોને ધ્યાનમાં લઈનો એક પ્રકારના તારણો પ્રકાશિત કરાયા છે.

બદલાતી લાઈફસ્ટાઈલના કારણે ફર્ટિલિટી સેન્ટરો વધી રહ્યા છે...

ઈનફર્ટિલિટી સમસ્યા દુનિયાભરમાં છે



ભારતમાં ૨.૪ કરોડથી વધુ દંપત્તિ આ સમસ્યાનો શિકાર થયા છે : સમસ્યા હવે શહેરી લોકો અને મહિલાઓ સુધી મર્યાદિત નથી

ઈનાફર્ટિલિટીની સમસ્યા આજે સમગ્ર દુનિયામાં ઉભરીને સપાટી પર આવી છે. જો કે અમારા દેશમાં બદલાતી લાઈફસ્ટાઈલના કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં ફર્ટિલિટી સેન્ટરોની સંખ્યામાં રોકેટ ગતિથી વધારો થયો છે. આંકડા દર્શાવે છે કે આ સેન્ટરોની સંખ્યા ૧૦ ગણી સુધી વધી ગઈ છે. શોધથી જાણવા મળ્યુ છે કે ભારતમાં ૨.૮ કરોડ દંપત્તિ આ સમસ્યાનો શિકાર થઈ ચુક્યા છે. આ સમસ્યા હવે માત્ર શહેરી વિસ્તારો સુધી અને મહિલાઓ સુધી જ મર્યાદિત રહી નથી. આના અનેક કારણો રહેલા છે. જે પૈકી કેટલાક ખાસ કારણો રહેલા છે તેમાં મોટી વયમાં લગ્ન, ટેન્શનવાળી લાઈફ, સ્થુળતા, થાઈરોઈડ જેવી બિમારી પણ સામેલ છે. પરિવાર કરતા કેરિયરને હવે વધારે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જેથી દંપત્તિઓ વહેલી તકે બાળકોને જન્મ આપવા માટે ઈચ્છુક નથી. કારણ કે તેમની વ્યસ્ત લાઈફના કારણે બાળકોને તેઓ સમય આપવાની સ્થિતીમાં નથી. કેટલાક લોકો ફરિયાદ કરતા નજરે પડે છે કે અનેક વર્ષો થઈ ગયા હોવા છતાં તેમના ઘરમાં કોઈ બાળક નથી. નિષ્ણાંતોના કહેવા મુજબ ઈનફર્ટિલિટી માત્ર મહિલાઓની સમસ્યા નથી. માત્ર મહિલાઓ જ આ સમસ્યાથી પરેશાન નથી. જરૂર આ બાબતની છે કે મહિલાઓ અને પુરૂષ બંને આ સમસ્યાને ગંભીરતાથી હાથ ધરે. ટેકનોલોજી આજે એટલી હદ સુધી વિકસિત થઈ ચુકી છે કે એવા દિવસોની ઓળખ હવે ઘરે બેઠા કરી શકો છો જે દિવસોમાં તમે સગર્ભા થવાની શક્યતા વધારે રહે છે. જે લોકો માને છે કે ભારતની મહિલાઓ ટેકનોલોજીનો ઉપયોગ અન્ય દેશોની મહિલાઓની જેમ કરી શકતી નથી તો તેમના માટે આ સમાચાર સંતોષજનક હોઈ શકે છે કે મહિલાઓ પોતાની ફર્ટિલિટીના દિવસોની ઓળખ હવે ઘરે બેસીને એપની મદદથી કરી શકે છે. આ એવા દંપત્તિ જે બેબી માટે ટ્રાય કરી રહ્યા છે તેમને આ માહિતી આપવાની જરૂર છે કે ક્યા ક્યા દિવસો સૌથી વધારે ફર્ટાઈલ છે. જે સ્માર્ટ ફોન હેન્ડલ કરી શકે છે તે તેને સરળતાથી ઉપયોગ કરી શકે છે. એપ દર્શાવે છે કે આપને ટેસ્ટ કયારેય કરવાની જરૂર છે. આ ડિવાઈસની કિંમત ત્રણ હજાર રૂપિયા છે. તેની સાથે આપને એક ટેસ્ટ સ્ટ્રીપ મળે છે. ટેસ્ટ સ્ટ્રીપ સિંગલ યુઝ છે. એટલે કે એક વખત ઉપયોગ કરવામાં આવ્યા બાદ બીજી વખત તેનો ઉપયોગ કરી શકા નહીં. ઈનફર્ટિલિટી મોનિટર ડિવાઈસ અને એપ શુ છે તે બાબતને લઈને પણ કેટલાક લોકો પ્રશ્ન કરે છે. આનો જવાબ એ છે કે ઈનફર્ટિલિટી મોનિટર એક પોર્ટેબલ હોમ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ ડિવાઈસ તરીકે છે. જે ઈનિટો એપ અને સ્ટ્રીપ સાથે મળે છે. જાણકાર તબીબો કહે છે કે એક ચક્રમાં કેટલાક દિવસો જ ફર્ટાઈલ હોય છે. જયારે એક મહિલાના સગર્ભા થવાની શક્યતા વધારે રહે છે. એપથી ટેસ્ટ કરવાની બાબત બિલકુલ સરળ છે. ડિવાઈસની સાથે સ્ટ્રીપ મળે છે. સ્ટ્રીપ પર બ્લડ, યુરિન અથવા તો સ્લાઈવાની કેટલીક બુન્દો નાંખીને કેપ લગાવીને ડિવાઈસમાં મુકવાની જરૂર હોય છે. ડિવાઈસને ત્યારબાદ ફોનથી અટેચ કરવાની જરૂર હોય છે. પાંચ મિનિટની અંદર જ કોઈ પણ મોટી લેબની જેમ જ યોગ્ય રેટિંગ તે આપના મોબાઈલ ફોન પર આપે છે. અમને પહેલા લાગ્યુ કે આ માત્ર મોટા શહેરોની મહિલાઓમાં જ ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ હવે જાણવા મળ્યુ છે કે મણિપુર, કાશ્મીર જેવા રાજ્યોમાં પણ આનો પયોગ કરવામાં આવી રહ્યો છે. નિષ્ણાંતો કહે છે કે પહેલા નેચરલ તરીકાથી બેબી માટે વિકલ્પ હોય છે. ત્યારબાદ જો રિઝલ્ટ મળતા નથી તો ડોક્ટર પાસે જઈને માહિતી મેળવી લેવાની જરૂર હોય છે. તબીબો આના માટે દવા અને ટેસ્ટ કરવાની સલાહ આપે છે. ત્યારબાદના કેટલાક વિકલ્પ હોય છે. પહેલા આઈયુઆઈ અને છેલ્લે ટેસ્ટ ટ્યુબ બેબીના મદદથી બાળકને જન્મ આપવામાં આવે છે. ટેસ્ટ ટ્યુબ બેબીને લઈને કેટલીક દુવિધા રહેલી છે. આને લઈને સામાન્ય લોકો પાસે માહિતી પણ ઓછી રહેલી છે. જો કે હવે આધુનિક સમયમાં નવી નવી મેડિકલ શોધ થઈ રહી છે. જેના કારણે દરેક દંપત્તિની સમસ્યા પણ હળવી થઈ રહી છે. અનેક પ્રકારના તબીબો સાધન પણ બજારમાં ઉપલબ્ધ થયા છે જે ઘરમાં ઉપયોગી બન્યા છે.

પોતાને સતત બદલવાની જરૂર છે

પરિવર્તનને સ્વીકાર કરીને જીવનમાં સફળતા હાંસલ કરી શકાય છે. કોઈ વ્યક્તિએ સાચી જ વાત કરી છે કે જ્યારે કોઈ વ્યક્તિ પોતાને બદલવાનુ બંધ કરી દે છે ત્યારે તેની પ્રગતિ સંપૂર્ણપણે રોકાઈ જાય છે. પોતાને સમયની સાથે સતત બદલી નાંખવા માટેના પ્રયાસ કરવા જોઈએ. જેટલી ઝડપથી તમે પોતાને બદલશો તેટલી ઝડપથી વધુ સફળતા હાંસલ થશે. પરિવર્તન સૌથી મહત્વપૂર્ણ બાબત છે. મોટા ભાગના લોકો લાઈફમાં એટલા માટે નિષ્ફળ થઈ જાય છે કે તેઓ પોતાને બદલા માટે ઈચ્છુક હોતા નથી. સી નીલ સ્ટ્રેટ કહે છે કે પરિવર્તન લીક પર ચાલનાર વ્યક્તિ માટે સૌથી મોટી મુશ્કેલ બાબત અનેક હોય છે. કારણ કે વ્યક્તિ પોતાને એ સ્તર સુધી ઘટાડી લે છે જેના પર તે સરળતાથી ચાલી શકે છે. આવી વ્યક્તિ કોઈ પણ પડકાર અને નવી બાબતોને સ્વિકાર કરતા નથી. ભલે તેને પ્રગતિ મળતી હોય તો પણ તે નવી કોઈ બાબતને સ્વિકારશે નહી. કેટલાક લોકો તો ખાડામાં હોય છે. સાથે સાથે ખોદકામ કરતા રહે છે. તેઓ પોતાના કામના તરીકાને બદલતા નથી અને મુશ્કેલીમાં ફસાતા જાય છે. કેટલાક લોકો એવા હોય છે જે જિદ્દી વલણ પર આગળ વધે છે. તેઓ આગળ વધતા નથી. વક્તની આંધી આવા લોકોને બરબાદ કરી નાંખે છે. કેટલાક લોકો બદલી જવાના બદલે રોકાઈ જવાનુ પસંદ કરે છે. આવા લોકો પણ ક્યાય પહોંચી શકતા નથી. જો કોઈ વ્યક્તિ નવા નવા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ઈચ્છુક છે તો તેમને નવા નવા તરીકે સાથે કામ કરવાની જરૂર રહેશે. પરિવર્તન વગર કોઈ મોટી સફળતા મળી શકે તેમ નથી. બદલાવ સાથે જ સફળતા મળે છે. નિષ્ણાંત લોકો કહે છે કે જો નવા તોર તરીકાને અપનાવીશુ નહી તો નવી નવી સમસ્યા આવતી રહેશે અને સમસ્યા વધારતી રહેશે. કેટલીક વખત સફળતા બિલકુલ નજીક હોય છે પરંતુ સફળતાના રસ્તા પર ચાલવાનો ઈન્કાર કરી દે છે. દુનિયામાં એ જ વ્યક્તિ સફળ થઈ છે જે પરિવર્તનને સ્વીકારે છે. એક પરિવર્તનની સાથે બીજા પરિવર્તનની રાહ તૈયાર થાય છે. અમને વિકાસની તક મળે છે. પરિવર્તનની ઈચ્છાને હમેંશા કાયમ રાખવામાં આવે તે જરૂરી છે. સફળતા હાંસલ કરવા માટે સતત મહેનત કરવામાં આવે તે જરૂરી છે.

HOLIDAYS TOURS & TRAVELS
ગો. ગો. ગોવા
પ્રવાસ દિવસ : 7
ચાર ધામ
પ્રવાસ દિવસ : 16
ઉનાળા વેકેશનના પ્રવાસોનુ બુકીંગ ચાલુ
મો.૯૯૨૫૧ ૩૫૪૯૫

WiselyInvest .com
શું આપ નાણા રોકાણ અંગે મૂંઝવણ અનુભવો છો?
ગુંજવણ ભરી યોજનાઓ માંથી શ્રેષ્ટ પસંદગી ૩બરૂ માર્ગદર્શન દ્વારા પ્રાપ્ત છે
SIP | Fixed Income | MF
ફક્ત એક ફોન કોલ દ્વારા
Sepunj Kapadia
+91- 93747 26576

કંપની માન્ય ઓથોરાઈઝ શો-રૂમ
મારૂતિ ઈલેક્ટ્રોનિક્સ
અમારૂ લક્ષ્ય : BEST PRICE - BEST PRODUCT - BEST SERVICE
SAMSUNG SONY HITACHI IFB Whirlpool LG LLOYD MITSUBISHI ELECTRIC BLUE STAR Panasonic BOSSH NATRAJ Haier Carrier VIVO oppo MAHARAJA WHITELINE
0 % ફાઈનાન્સ ઉપલબ્ધ
હવે ભરૂચ જીલ્લાના ગ્રાહકોને સુરત,બરોડા જવાની જરૂર નહિં રહે
BAJAJ FINSERV CAPITAL FIRST HDB FINANCIAL SERVICES
ઓન લાઈન કરતા ઓછા ભાવની ખાત્રી
દરેક ઈલેકટ્રોનિકસ બ્રાન્ડ એક જ સ્થળે
હાજીમંજુલ કંપાઉન્ડ, સ્ટેશન રોડ, અંકલેશ્વર
ફોન : 02646 - 244710
જીવનદીપ આર્કેડ,એશીયન પેઈન્ટસ ચોકડી, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર ફોન:૦૨૬૪૬-૨૨૨૭૧૦
હેલ્પલાઈન નંબર : 7043191283

દૂધ બંધાવવા માટે સંપર્ક MO: 9727645497
રાધે ડેરી ફાર્મ
ભેળસેર વગરનું શુધ્ધ તબેલાનું તાજુ દૂધ
શ્રેષ્ઠ જાતની જાફરી ભેંસોનું દૂધ
દેશી ઉચ્ચ જાતની ગીર ગાયનું દૂધ
સવાર/સાંજ હોમ ડિલીવરી
કુલ ક્રીમ દૂધ મીનીમમ ૭.૫ % ફેટ (₹ ૬૦/- લીટર)
રેગ્યુલર દૂધ મીનીમમ ૬.૦ % ફેટ (₹ ૫૦/- લીટર)
ગીર ગાયનું દૂધ મીનીમમ ૩.૦ % ફેટ (₹ ૪૫/- લીટર)
તબેલામાં વીઝીટ લઈ શકાશે
વીઝીટનો ટાઈમ (સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ સાંજે ૪:૦૦ થી ૬:૦૦)
સવારે ડિલીવરી નો સમય ૬:૦૦ થી ૯:૦૦
સાંજે ડિલીવરી નો સમય ૬:૦૦ થી ૯:૦૦
દૂધ બંધાવવા માટે સંપર્ક MO: 9727645497

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કાું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

EXCLUSIVE BRANDED BEDSHEETS
સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
શેતરંજી આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC
સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૬૧૧ ● E-mail : info@mugatlalbsons.com

હોલસેલ ભાવે છુટકમાં
કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
લાલ-પીળા ભગવા અબોટીયા
લાલ ગમછા (અંગુછા)
ધાબળા - પોલાર બ્લેન્કેટસ
સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
''કાશ્મીરી શાલ''
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની
ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
''છોટા કુબેર'' કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

THICKSHAKE -NEW VARIETY-
રજવાડી કીંગ રજવાડી ક્વીન
મખ્ખન ભોગ
Extra Ordinary Flavours of 51 RAINBOW ice creams
Special offer 150/- 100/- T&C apply*
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્કઃ +91 9879217786

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068


બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
રીચાર્જેબલ હીયરીંગ એઈડ
જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરતઃ એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરતઃ મો. 75670 00800
અડાજણઃ ચુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
24 Acres Landscaped Gardens
194 Luxurious Rooms • Water Park
Colorful Fountains • Wellness Spa
Cricket/ Football Indoor Games
Entertainment Programs
8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

ADMISSION OPEN
JYOTI CLASSIS
STD 5 TO 10 STD 11 TO 12 COMMERCE & SCIENCE
Add : INOX, ZADESHWAR, 9898383083-9228177852
SCIENCE SUB.
MATHS, (NIMIT SIR)
CHEMISTRY (PURAV TALAVIYA) EXP. 10 YRS.
BIOLOGY (RANA SIR) EXP. 30 YRS.
PHYSICS (K.P. SIR) EXP. 30 YRS.
COMMERCE
- ACCOUNT - ECO - B.A.
- STATE - ENGLISH



3000/-
Rebonding
Smoothing
& straightening
Niyati
BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

આ ઉપરાંત પરીક્ષાર્થીઓ નિર્ભિક રીતે પરીક્ષા આપી શકે તથા અહીં કોઈ પણ પ્રકારનો અનિચ્છનિય બનાવ ન બને તે માટે દરેક પરીક્ષા કેન્દ્રો ઉપર સી.સી.ટીવી કેમેરા કાર્યરત કરવા સાથે જરૂરી સલામતીની વ્યવસ્થાઓ પણ કરી દેવામાં આવી છે. પરીક્ષાઓ માટે પાયાકિય સુવિધાઓ સાથે દરેક પરીક્ષા કેન્દ્રો ઉપર કેન્દ્ર સંચાલક સાથે જરૂરી અધિકારી/કર્મચારીઓની નિયુક્તિ પણ પ્રશાસન દ્વારા કરી દેવામાં આવી છે.

પરીક્ષાના સરળ સંચાલન માટે તથા વિદ્યાર્થીઓ/વાલીઓના માર્ગદર્શન/કાઉન્સેલીંગ અર્થે આહવા ખાતે તા.૬ઠ્ઠી માર્ચ થી ૨૩મી માર્ચ, ૨૦૧૯ દરમિયાન સવારના ૭ વાગ્યાથી રાત્રિના ૮ વાગ્યા સુધી કંટ્રોલરૂમ પણ શરુ કરવામાં આવનાર છે. ડાંગ જિલ્લાના કંટ્રોલરૂમનો નંબર : ૦૨૬૩૧-૨૨૦૨૬૦ તથા મોબાઈલ નંબર : ૯૪૨૭૧ ૭૩૩૯૧ જારી કરાયો છે.

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની સુરત શાખાનો શુભારંભ કરાયો

સુરત

તા.૩ માર્ચને રવિવારે ન્યૂ રાંદેર રોડ, સુરત સ્થિત સ્વામીનારાયણ એચ.વી. વિદ્યાલય ખાતે ભાષા પ્રેમીઓનું ભાષા સંમેલન યોજાઈ ગયું. જેમાં ૨૨૫ જેટલા ભાષાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ડૉ. મુકુલ ચોકસી, અતિથિ વિશેષ તરીકે ડૉ. કેતન શેલત અને ગાંધીનગરથી ખાસ પધારેલા માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનનો અધ્યક્ષ ભાગ્યેશ જહા અને ઉપાધ્યક્ષ હર્ષદ શાહ ઉપસ્થિત રહ્યા હતા. એ ઉપરાંત વિદ્યાલયના ટ્રસ્ટી દિનેશભાઈ ગોંડલિયા અને મયંકભાઈ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની સ્થાપના થઈ છે અને ત્યાં ગુજરાતી ભાષા સજ્જતા, ભાષા સંવર્ધન અને ભાષા સંરક્ષણ અર્થે નિયમિત પણે કાર્યશાળાઓ તથા અન્ય કાર્યક્રમો યોજાય છે. આ કાર્યનું બીજારોપણ ગઈકાલે સુરતમાં થયું અને સુરતમાં એની શાખા શરૂ થઈ.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતા ડૉ. મુકુલ ચોકસીએ કહ્યું કે જ્યારે ભારતની રાષ્ટ્રભાષા તેમજ અન્ય ભાષાઓ અનેક પડકારોનો સામનો કરી રહી છે અને એની સામે અંગ્રેજીની ઘેલછા અકલ્પ્ય હદે વધી રહી છે. ત્યારે આપણી ગુજરાતીઓની માતૃભાષા ક્યાંક ખૂણામાં ન ધકેલાઈ જાય એ માટે યુવા પેઢીને રસ પડે એવા સ્વરૂપે એમને ગુજરાતી ભાષા પીરસવી રહી.

અતિથિ વિશેષ ડૉ. કેતન શેલતે ટ્રસ્ટના આ કાર્યને આવકાર આપ્યો અને જીવનભારતી મંડળ દ્વારા ભાષા સંરક્ષણ માટે થઈ રહેલા અનેકવિધ કાર્યક્રમોની જાણકારી આપી હતી.

ટ્રસ્ટના ઉપાધ્યક્ષ હર્ષદ શાહે ટ્રસ્ટની કાર્યપદ્ધતિ એનું લક્ષ્ય અને એના કાર્ય વિશે સવિસ્તર માહિતી આપી, તથા જે પરિવારોમાં ૨-૩ વર્ષના બાળકો હોય તેમને તેમના બાળકોને માતૃભાષા માધ્યમમાં ભણાવવા સમજાવવાની હાકલ કરી. ટ્રસ્ટના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ કહ્યું કે પોતે ગુજરાતી માધ્યમમાં ભણ્યા છે, પણ અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત વગેરે બધી ભાષાઓ પર પ્રભુત્વ છે. તેઓ પોતાના વક્તવ્યમાં સંસ્કૃત ભાષામાં પણ સારૂં એવું બોલ્યા. સુરત યુનિવર્સિટીમાં જેમણે ૩૭ વર્ષ અધ્યાપન કાર્ય કર્યું છે એવા વનસ્પતિ વિજ્ઞાની ડૉ. મીનુ પરબીયા અને વેડરોડ સ્થિત બ્રિલિયન્ટ વિદ્યાલયના સંચાલક સંજયભાઈ ડુંગરાણીએ આ કાર્ય અંગે સરસ પ્રતિભાવ આપ્યો અને પોતાનું અનુમોદન વ્યક્ત કર્યું હતું. સુરતના ત્રણ દાતાઓએ કુલ મળી ૪૭૦૦૦નું દાન આ ટ્રસ્ટને આપી ઉપકૃત કર્યું હતું. ડૉ. પ્રજ્ઞા વશીએ આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું. છેલ્લે વંદે માતરમ્ ગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

આજે મુખ્યમંત્રીશ્રીના હસ્તે ભિલાડ ખાતે

વન અધિકાર અધિનિયમ હેઠળ ૧૫૮૯ લાભાર્થીઓને ૧૫૭૦ એકર જમીનના હક્કપત્રકો એનાયત કરશે

રૂા. ૧૩.૫૦ કરોડના ખર્ચે ભીલાડ ચેકપોસ્ટ અપગ્રેડ ઈન્ટીગ્રેટર પ્રોજેકટનું લોકાર્પણ વન વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ આઠ સ્વસહાય જૂથોને રૂા. ૩૫ લાખના ચેક વિતરણ કરાશે - જિલ્લાના ૪૦૦ યુવા મંડળોને ક્રિકેટ અને વોલીબોલ કીટનું વિતરણ કરાશે



વલસાડ

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આજે તા.૫/૩/૨૦૧૯ ના રોજ વલસાડ જિલ્લાના પ્રવાસે આવી રહયા છે. નિયત કાર્યક્રમ અનુસાર મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી ભિલાડ ખાતે રૂા.૧૩.૫૦ કરોડના ખર્ચે અત્યાધુનિક તૈયાર થયેલી અપગ્રેડ ચેકપોસ્ટનું લોકાર્પણ કરશે. ત્યારબાદ વન અધિકાર અધિનિયમ હેઠળ ૧૫૮૯ આદિવાસી લાભાર્થીઓને ૧૫૭૦ એકર જમીનનો હક્કપત્રકો એનાયત કરશે. આ ઉપરાંત વનવિભાગના આઠ સ્વસહાય જુથોને રૂા.૩૫ સહાયના ચેકો તેમજ જિલ્લાના સ્વામી વિવેકાનંદ ૪૦૦ યુવક મંડળોને ક્રિકેટ-વોલીબોલ કિટસનું વિતરણ કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીના આગમનને લઇને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કલેકટર સી.આર.ખરસાણના વડપણ હેઠળ તૈયારીઓ કરી લીધી છે. રાજય આદિજાતિ વિકાસ મંત્રી રમણભાઇ પાટકરે વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી. કલેકટરે તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની મંત્રીશ્રીને વાકેફ કર્યા હતા.

ગુજરાતની ચેકપોસ્ટનો પારદર્શક, કાર્યક્ષમ અને માનવીય હસ્તક્ષેપ સિવાયના રોજબરોજના વહીવટ કરવા માટે ગુજરાત સરકારે ચેકપોસ્ટ ઉપરથી પસાર થતા વાહના ઓટોમેટિક વજન, લંબાઇ, પહોળાઇ, ઊંચાઇ અને ટેક્ષની વિગતો પ્રાપ્ત થાય તે માટે સીસ્ટમ ઈન્ટીગ્રેશન પ્રોજેકટ અમલવારીનું આયોજન કર્યું છે. આ પ્રોજેકટ થકી ચેકપોસ્ટ ઉપરથી પસાર થતા વાહનો જુદા-જુદા સીસીટીવી કેમેરા અને પીટીઝેડ કેમેરા દ્વારા ગાંધીનગરથી ૨૪ કલાક ૩૬૫ દિવસ લાઇવ મોનિટરિંગ થશે. આ પ્રોજેકટ ચેકપોસ્ટની કામગીરી પારદર્શક અને કાર્યક્ષમ બનાવશે તેમજ અહીંથી પસાર થયેલા કોઇપણ વાહનની વિગત મેળવવી હોય તો મેળવી શકાશે. આ પ્રોજેકટ અંતર્ગત આજે ભિલાડ અને સોનગઢ ચેકપોસ્ટના ઈન્ટીગ્રેશન પ્રોજેકટનું લોકાર્પણ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી નિયત કાર્યક્રમ અનુસાર તા.૫/૩/૧૯ના રોજ સાંજે નાહુલી ખાતેના હેલીપેડ ઉપર આવશે. ત્યાંથી ભિલાડ આર.ટી.ઓ. ચેકપોસ્ટ ખાતે ભીલાડ-સોનગઢ ચેકપોસ્ટ ઈન્ટીગ્રેટર પ્રોજેકટનું તકતી અનાવરણ કરી, વાહનોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે અને ભિલાડ ખાતે સભામંડપમાં વિવિધ યોજનાઓ હેઠળ સહાયના ચેકો વિતરણ કરશે. કાર્યક્રમ પૂર્ણ થયે મુખ્યમંત્રીશ્રી ભિલાડ થી મોટરમાર્ગે દમણ જઇ, ગાંધીનગર જવા રવાના થશે.

મુખ્યમંત્રીશ્રીની સાથે કૃષિ, ગ્રામ વિકાસ મંત્રી આર.સી.ફળદુ, રમતગમત રાજ્ય મંત્રી ઇશ્વરસિંહ પટેલ, વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકર, સાંસદ ડો. કે.સી.પટેલ, બંદરો અને વાહનના અગ્રસચિવ સહિત પદાધિકારીઓ અને અન્ય મહાનુભાવો જોડાશે.

પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન અસંગઠિત શ્રમયોગીઓ માટેની પેન્શન યોજનાનો શુભારંભ કાર્યક્રમ યોજાશે

વલસાડ

પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન અસંગઠિત શ્રમયોગીઓ માટેની પેન્શન યોજના તા. ૧૫/૨/૧૯ના રોજ માન. વડાપ્રધાનશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. માન. વડાપ્રધાનશ્રી દ્વારા તા.૦૫/૦૩/૨૦૧૯ના રોજ અમદાવાદ ખાતેથી અસંગઠિત શ્રમયોગીઓ માટેની પેન્શન યોજનાનો શુભારંભનું જીવંત પ્રસારણ સવારે ૧૦-૩૦ કલાકે કરવામાં આવશે. જે અંતર્ગત જિલ્લાકક્ષાએ પણ સમાંતર કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યા છે. જે અંગેનો કાર્યક્રમ રાજીવગાંધી હોલ, જિલ્લા પંચાયત, વલસાડ ખાતે તા.૦૫/૦૩/૨૦૧૯ ના રોજ સવારે ૯-૩૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં ઉદ્ઘાટક તરીકે જિલ્લા પ્રભારી અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી કિશોરભાઈ કાનાણી હાજર રહેશે. મુખ્ય અતિથિ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, સાંસદ ડાૅ.કે.સી.પટેલ, ધારાસભ્ય સર્વશ્રી કનુભાઈ દેસાઈ, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી હાજર રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આસી. પી.એફ. કમિશનર ઉપેન્દ્રકુમાર, જિલ્લા કલેકટર સી.આર. ખરસાણ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

દક્ષિણ ગુજરાતમાં તાપમાન ફરીથી પાંચ ડિગ્રી ગગડી ગયું

સુરત

ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં થયેલ હિમવર્ષાના પગલે ઠંડો પવન ફૂંકાવાની સાથે રાજયના તાપમાનમાંનોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. અધિકત્તામ તાપમાન સડસડાટ ૫ ડિગ્રી સુધી ઘટતા ફરી રાત્રિના સમયે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તામ તાપમાન ૨૯.૨ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૨.૪ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૧ ટકા અને હવાનું દબાણ ૧૦૧૧.મીલીબાર નોંધાયું છે. શહેરમાં દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના ૬ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. પવનની દિશા બદલવાની સાથે તાપમાનમાં ફેરફાર નોંધાયો છે. આજે શહેરમાં સવારથી જ વાદળછાયુ વાતાવરણ સર્જાયુ છે. સાંજ સુધી અધિકત્તામ તાપમાન ૩૦ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતીમ ાહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું છે. વલસાડમાં પણ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૯ ડિગ્રી નોંધાયું છે. આમ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આગામી દિવસોમાં પવનની દિશા બદલવાની સાથે ગરમીમાં વધારો થશે.

સુરતમાં નવજાત બાળકોની બહેરાશ જાણવા હિયરિંગ સ્ક્રીનિંગ ટેસ્ટ કરાશે

શ્રૃતિ કોકલીયર ઈમ્પ્લાન્ટ સેન્ટર દ્વારા વર્લ્ડ હિયરિંગ ડેની ઉજવણી

સુરત

વિશ્વ હિયરીંગ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રુતિ કોકલીયર ઈમ્પાલન્ટ સેન્ટર દ્વારા અનોખી પહેલ કરવામાં આવી છે. સુરતમાં હવે નવજાત બાળકોની બહેરાશ જાણવા હિયરીંગ સ્કીનીંગ ટેસ્ટ કરાશે. : બાળકના જન્મ પછી ત્રણ અને છઠ્ઠા મહિને બાળક કેટલુ સાંભળી શકે છે તેનો ટેસ્ટ મોબાઈલ જેવા નાના ઈન્સ્ટુમેન્ટથી કરાશે. શ્રુતિ કોકલીયર ઈમ્પ્લાન્ટ સેન્ટર દ્વારા શહેરની ૧૦ હોસ્પિટલ સાથે જોડાણ કરી જન્મજાત બહેરાશ ધરાવતા બાળકોના ઈલાજની વ્યવસ્થા કરાઈ છે.

કોકલીયર ઈમ્પલાન્ટના નિષ્ણાંત તબીબ ડો. સૌમિત્ર શાહ અને તેમની ટીમ દ્વારા સરકારના શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ શ્રુતિ હોસ્પિટલમાં વિનામુલ્યે ૫૦૦થી વધુ બાળકોમાં કોકલીયર ઈમ્પાલન્ટ સર્જરી કરાઈ છે. જો બાળકના જન્મ સાથે જ તેની બહેરાશનો પ્રશ્ન નજર સમક્ષ આવે તો આવા બાળકોની બહેરાશ દૂર કરી શકાય છે. પ્રત્યેક ૧૦૦૦ બાળકે ૩ બાળકો જન્મજાત બહેરાશ સાથે જન્મે છે. સુરતમાં અંદાજે ૩૦૦૦૦ બાળકો જન્મજાત બહેરાશ ધરાવે છે. શ્રુતિ હોસ્પિટલ દ્વારા શહેરની ૮ ગાયનેક હોસ્પિટલ સહિત ૧૦ હોસ્પિટલ સાથે જોડાણ કર્યું છે. જયાં શ્રુતિના નિષ્ણાંત તબીબો જઈને જન્મજાત બાળકોની બહેરાશના લક્ષણો જણાશે તો તેનો સમયસર ઉપચાર કરાશે. છેલ્લા ૧૦ વર્ષથી દક્ષિણ ગુજરાતમાં કોકલીયર પ્રત્યારોપણ કરનાર ડો. સૌમિત્ર શાહે જણાવ્યું હતું કે અત્યાર સુધી ૭૦૦ જેટલી કોકલીયર ઈમ્પાલન્ટ સર્જરી સફળતા પુર્વક કરવામાં આવી છે. હોસ્પિટલે ૨૦૧૫ પછી સરકારના શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ ૬ વર્ષથી ઓછી ઉમરના બાળકોને વિનામુલ્યે કોકલીયર ઈમ્પાલન્ટ કર્યું છે. જન્મથી બહેરાશ ધરાવતા બાળકોને સર્જરી અને એક વર્ષનો સ્પીચ થેરાપી ખર્ચ ચિન્મય પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ ઉપાડે છે. આજે રાજયકક્ષા આરોગ્ય મંત્રી કિશોર કાનાણીના હસ્તે મૂક-બધિર વિકાસ ટ્રસ્ટ અંબિકા નિકેતન ખાતે કોકીલીયર ઈમ્પાલન્ટ બાળકોની સિદ્ધિઓની સીડીનું વિમોચન કરવામાં આવ્યું હતું. ઈમ્પાલન્ટ બાદ બાળકો નોર્મલ રીતે હસીબોલી શકે છે અને શાળામાં ભણે છે.

લગ્નમાં ગીત વગાડવા મામલે ધીંગાણું, વરરાજા સહિત ૯ સામે ફરિયાદ

સુરત

સુરત ડુમસમા આવેલા ભીમપોરમાં બે પક્ષો વચ્ચે ધીંગાણું સર્જાયું હતું. લગ્નના વરઘોડામાં વાગતા ગીત બાબતે માછી સમાજે વાંધો ઉઠાવ્યો હતો અને એકબીજા પર પથ્થરમારો પણ કર્યો હતો. જેના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. જ્યારે બંને પક્ષોએ સામ સામે ફરિયાદ પણ નોંધાવી છે. ડુમસના ભીમપોરમાં શનિવારના રોજ રાત્રે કોળી પટેલોના વરઘોડામાં વાગતા ગીતો બાબતે માછી સમાજે વાંધો ઉઠાવતા વિવાદ સર્જાયો હતો. શનિવારે રાત્રે લગ્ન પૂરા થયા બાદ સાંજે ફરી બંને જૂથના લોકો સામ સામે આવી ગયા હતા. ભીમપોર ગામ ખાતે નાના હીરા સ્ટ્રીટમાં રહેતા વરરાજા નિવસકુમાર વિનોદ ભગતના ઘરે ટોળું ઘસી આવ્યું હતું. ત્યારબાદ બંને પક્ષે સામ સામે મારામારી શરૂ કરી હતી અને પથ્થરમારો પણ કર્યો હતો. આ મામલે નિવસકુમારની ફરિયાદ લઈ ૮ સામે ગુનો દાખલ કર્યો હતો. જ્યારે સામા પક્ષે સરજુ મોહન જાપાનની ફરિયાદ લઈ વરરાજા સહિત ૯ સામે ગુનો નોંધ્યો હતો

આજે તિથલ-વલસાડ ખાતે 'એક શામ ભારત કી સેના કે નામ' કાર્યક્રમ યોજાશે

સુપ્રસિદ્ધ ગાયકો ગીતાબેન રબારી, અભિતા પટેલ અને રાજભા ગીર દેશભક્તિ શૌર્યગીતો રજૂ કરશે

વલસાડ

રમતગત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ વલસાડ જિલ્લા વહીવટીતંત્રના ઉપક્રમે તા.૫/૩/૧૯ના રોજ રાત્રે ૮-૦૦ કલાકે 'એક શામ ભારત કી સેના કે નામ' કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં ગુજરાતના સુપ્રસિદ્ધ ગાયક કલાકારો ગીતાબેન રબારી, અભિતા પટેલ અને રાજભા ગીર તેમના મધુર સ્વરમાં દેશભક્તિ શૌર્ય ગીતો રજૂ કરી ભારતીય સેનાને પ્રોત્સાહિત કરશે. ભારતીય સેનાના સાહસ અને પરાક્રમને વધુ પ્રોત્સાહિત કરવા માટે વધુને વધુ જનસમર્થન આપી પ્રેરણા આપવા મોટી સંખ્યામાં હાજર રહેવા વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણ તેમજ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ પંકજ ભટ્ટ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ પર કબજે કરવા દંપતીએ બોગસ દસ્તાવેજો બનાવ્યા

સુરત

ચોકબજાર પોલીસ મથક વિસ્તારમાં આપેલ સહયોગ પાવર લુમ્સ કો-ઓ-સોસાયટીનો પ્લોટ નં. ૩૬૪ ઉપર કબજો જમાવી દેવા બોગસ દસ્તાવેજો બનાવી ખરા તરીકે ઉપયોગ કર્યાને બનાવ પોલીસ મથકે નોંધાયો હતો.

એક પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ શાહપોર વકીલ સ્ટ્રીટમાં રહેતા મુનીરાખાનુ અબ્દુલ હાફીઝ અબ્દુલ રજા શેખની માલિકીનો પ્લોટ નં. ૩૬૪, સહયોગ પાવર સોસાયટીમાં આપેલ છે. આરોપી લતીફાબાનુ અબ્દુલ લતીફ શેખ, અબ્દુલ લતીફ, (રહે. વકીલ સ્ટ્રીટ, શાહપોર)નાએ આ પ્લોટ ઉપર કબજો જમાવવા માટે ફરિયાદીના નામની બોગસ સહીઓ કરી ખરા તરીકે પયોગ કરી બનાવટી દસ્તાવેજો બનાવી સરકાર દફતરે રજૂ કરી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. એક પોલીસ ફરિયાદ નોંધાવી તપાસ હાથ ધરી છે.

શ્રીમતી નંદીનીબહેન શાહને આચાર્યા ચંદ્રીકાબેન પાઠકજી એવોર્ડ એનાયત

વિદ્વાન શિક્ષણ શાસ્ત્રીનું બહુમાન

સુરત

અત્રે સુરતની જાણીતી મહિલા સંસ્થા ગરિમા તરફથી મહિલા વિદ્યાલય હાઈસ્કૂલમાં ૩૫ વર્ષ જેટલો લાંબો સમય આચાર્યા તેમજ મંત્રી પદે રહેલાં ચંદ્રિકાબેન પ્રમોદચંદ્ર પાઠકજીની પુણ્ય સ્મૃતિમાં દર બે વર્ષે અપાઈ રહેલો આચાર્યા ચંદ્રિકાબેન પાઠકજી એવોર્ડ આ વખતે વિદ્વાન શિક્ષણશાસ્ત્રી, જીવન ભારતી પ્રવૃત્તિ વિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્યા, નામાંકિત સાહિત્યકાર, સન્નિષ્ટ હિન્દી પ્રચારક અને અંધજનોના પથદર્શક તરીકે જાણીતા બનેલા નંદિનીબેન શાહને અર્પણ કરવામાં આવ્યો છે.

આચાર્યા નંદિનીબેન શાહ છેલ્લા ૪૫ વર્ષથી રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર પ્રસાર ક્ષેત્રો કામગીરી બજાવી રહ્યા છે અને છેલ્લા ૧૫ વર્ષથી રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ સુરતના ઉપાધ્યક્ષા છે. હાલમાં તેઓ ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદની વ્યવસ્થાપક સમિતિનાં સભ્ય છે અને ગુર્જર રાષ્ટ્રવીણાની સંપાદક સમિતિના સભ્ય છે. સૌથી વધુ વખત રક્તદાન કરનાર મહિલા તરીકે નંદિનીબેન શાહે નવો વિક્રમ સ્થાપિત કર્યો છે.

ડાંગ જિલ્લામાં તા.૭ થી ૨૩ માર્ચ દરમિયાન યોજાશે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ





ધોરણ-૧૦ની પરીક્ષા માટે નોંધાયા ૩૮૮૭ વિદ્યાર્થીઓ : ધોરણ-૧૨ (સા.પ્ર.)માં ૧૯૬૪ અને વિજ્ઞાન પ્રવાહમાં ૩૩૯ વિદ્યાર્થીઓ ભાગ લેશે: ડાંગ જિલ્લાના વિદ્યાર્થીઓની મહેનતને પૂરતો ન્યાય મળી રહે તે માટે જિલ્લા પ્રશાસને તૈયાર કર્યો એકશન પ્લાન : જિલ્લાના તમામ પરીક્ષા સ્થળોને સી.સી.ટીવીથી કરાયા સજજ : તા.૬ઠ્ઠી માર્ચથી જિલ્લા કક્ષાએ કંટ્રોલરૂમ પણ શરૂ કરાશે

આહવા

રાજય સમસ્તની જેમ ડાંગ જિલ્લામાં પણ આગામી તા.૭મી માર્ચ, ૨૦૧૯થી તા.૨૩મી માર્ચ, ૨૦૧૯ દરમિયાન આયોજિત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ અહીંના વિદ્યાર્થીઓ પૂર્ણ વિશ્વાસ સાથે આપી શકે, તથા વિદ્યાર્થીઓની મહેનતને પૂરતો ન્યાય મળી રહે તે માટે જિલ્લા વહિવટી તંત્રએ સમગ્ર પરીક્ષાના સફળ સંચાલન માટે એકશન પ્લાન ઘડી કાઢી જરૂરી અધિકારી/કર્મચારીઓની નિયુક્તિ કરી દીધી છે.

જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મણીલાલ ભૂસારા તરફથી મળેલી વિગતો અનુસાર ડાંગ કલેક્ટર શ્રી એન.કે.ડામોરના સીધા માર્ગદર્શન હેઠળ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ધોરણ-૧૦ની પરીક્ષા માટે ડાંગ જિલ્લાના ૩૮૮૭ વિદ્યાર્થી નોંધાયા છે. જેમના માટે જિલ્લામાં ૭ કેન્દ્રોના ૧૪ મકાનોમાં ૧૪૧ બ્લોક્સની વ્યવસ્થા કરવામાં આવી છે.

તે જ રીતે ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) માટે અહીં ૧૯૬૪ વિદ્યાર્થીઓ નોંધાવા પામ્યા છે. જેઓ માટે જિલ્લાના ૪ પરીક્ષા કેન્દ્રો ખાતે ૭ મકાનોના ૭૧ બ્લોકની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જ્યારે ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) માટે જિલ્લામાં નોંધાયેલા ૩૩૯ વિદ્યાર્થીઓ માટે ૨ પરીક્ષા કેન્દ્રોના ૨ મકાનો અને ૧૯ બ્લોક્સની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આમ, ડાંગ જિલ્લામાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષામાં જિલ્લાના કુલ ૬૧૮૯ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યાં છે. જેમના માટે કુલ ૧૩ પરીક્ષા કેન્દ્રો, ૨૩ બિલ્ડિંગો અને ૨૩૧ બ્લોક્સની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ ઉપરાંત પરીક્ષાર્થીઓ નિર્ભિક રીતે પરીક્ષા આપી શકે તથા અહીં કોઇ પણ પ્રકારનો અનિચ્છનિય બનાવ ન બને તે માટે દરેક પરીક્ષા કેન્દ્રો ઉપર સી.સી.ટીવી કેમેરા કાર્યરત કરવા સાથે જરૂરી સલામતીની વ્યવસ્થાઓ પણ કરી દેવામાં આવી છે. પરીક્ષાઓ માટે પાયાકિય સુવિધાઓ સાથે દરેક પરીક્ષા કેન્દ્રો ઉપર કેન્દ્ર સંચાલક સાથે જરૂરી અધિકારી/કર્મચારીઓની નિયુક્તિ પણ પ્રશાસન દ્વારા કરી દેવામાં આવી છે.

પરીક્ષાના સરળ સંચાલન માટે તથા વિદ્યાર્થીઓ/વાલીઓના માર્ગદર્શન/કાઉન્સેલીગ અર્થે આહવા ખાતે તા.૬ઠ્ઠી માર્ચ થી ૨૩મી માર્ચ, ૨૦૧૯ દરમિયાન સવારના ૭ વાગ્યાથી રાત્રિના ૮ વાગ્યા સુધી કંટ્રોલરૂમ પણ શરુ કરવામાં આવનાર છે. ડાંગ જિલ્લાના કંટ્રોલરૂમનો નંબર : ૦૨૬૩૧-૨૨૦૨૬૦ તથા મોબાઇલ નંબર : ૯૪૨૭૧ ૭૩૩૯૧ જારી કરાયો છે.

શહેર-જિલ્લાના સ્વામી વિવેકાનંદ યુવક મંડળોને વોલીબોલ અને ક્રિકેટના સાધનોનું વિતરણ

વિધાનસભા અધ્યક્ષશ્રી વરણામા ત્રિમંદિર ખાતે કરશે વિતરણ

વડોદરા

ગુજરાત રાજય યુવક બોર્ડની પ્રેરણાથી વડોદરા શહેર-જિલ્લામાં ૪૩૦ જેટલા વિવેકાનંદ યુવક મંડળોની રચના કરવામાં આવી છે જેનો આશય યુવક મંડળના માધ્યમથી યુવા વર્ગને રમતો અને સકારાત્મક પ્રવૃત્તિઓ સાથે જોડવાનો છે. 'રમશે ગુજરાત-જીતશે ગુજરાત'ના સૂત્રને અનુસરીને રાજયનો રમતગમત વિભાગ આ યુવક મંડળોને વોલીબોલ તેમજ ક્રિકેટની રમતના સાધનોની કીટસ વિનામૂલ્યે પૂરી પાડે છે. તેના અનુસંધાને આવતીકાલ મંગળવાર તા.૦૫/૦૩/૨૦૧૯ના રોજ વરણામા ત્રિમંદિર ખાતે રમત સાધન કીટસ વિતરણ કાર્યક્રમ સાંજના ૦૪:૦૦ કલાકે યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી, સાંસદશ્રીઓ, ધારા સભ્યશ્રીઓ અને મહાનુભાવો લાભાર્થી યુવક મંડળોને કીટસનું વિતરણ કરશે.

માંગરોળનું વાંકલ મિનિ વિદ્યાનગર તરીકે ખ્યાત થશે: વન આદિજાતિ મંત્રી

તરસાડી ૧૦૦ ટકા એલ.ઈ.ડી. લાઈટ, ૯૦ ટકા ગટરની સુવિધાની સાથે સ્વચ્છતામાં પણ અગ્રેસર

સુરત

માંગરોળના તરસાડી ખાતે રૂ.૨૧ કરોડના ખર્ચે આદર્શ નિવાસી શાળાના નવા ભવન તેમજ તરસાડી નગર પાલિકાના રૂ.૭ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સહિત રૂ.૩૫ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન વન અને આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે સંપન્ન થયું હતું. મંત્રીશ્રીએ તરસાડી નગરપાલિકા દ્વારા રૂ.૧.૫૦ કરોડના ખર્ચે રેલ્વે ઓવર બ્રિજ પાસે સર્કલ બનાવવાનું કામ, રૂ.૯૦ લાખના ખર્ચે કોસંબા રેલ્વે ફાટકથી પંડવાઈ રોડ પર નગરપાલિકાની હદ સુધી રોડની બંને બાજુ પેવર બ્લોક બેસાડવાનું કામ, રૂ.૫૦ લાખના ખર્ચે સ્મશાન જતા રસ્તાના મજબુતીકરણનું (સી.સી.રોડ)નું કામ, રૂ.૫૦ લાખના ખર્ચે કાચા ખેત રસ્તાને ડામર રોડ બનાવવાનું કામનો સમાવેશ થાય છે. ઉપરાંત હળપતિ આવાસ યોજના અંતર્ગત મંજૂર થયેલા ૧૦૦ આવાસો અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મંજુર થયેલા ૩૪૬ આવાસોનું લોકાર્પણ કર્યું હતું.

આદર્શ નિવાસી શાળાના પ્રાંગણમાં યોજાયેલા સમારોહમાં મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા તરસાડીમાં સાકાર થનાર ૩૫૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતું આદર્શ નિવાસી શાળાનું નવું ભવન હાઈસ્કુલ, સ્ટાફ ક્વાર્ટર્સ, ભોજનાલય, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ સહિતની અદ્યતન સુવિધાઓથી સુસજજ હશે. તેમણે કહ્યું કે, વાંકલ ખાતે ૩૦ એકર જમીનમાં રૂ.૫૦ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાસભર જવાહર નવોદય વિદ્યાલય સાકાર થશે, જેના કારણે વાંકલ સહિત આસપાસનો વિસ્તાર 'મિનિ વિદ્યાનગર' તરીકે ખ્યાતિ પામશે. બાલાચડી-જામનગરની પ્રથમ સૈનિક સ્કૂલ પછી રાજ્યની બીજી સૈનિક સ્કૂલ માંગરોળ તાલુકામાં નિર્માણ પામશે. જેના કારણે આ તાલુકો શિક્ષણનું હબ બનવા તરફ અગ્રેસર બની રહ્યો છે એમ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ છેલ્લા પાંચ જ વર્ષમાં ઉમરપાડા અને માંગરોળ તાલુકામાં કોર્ટ, પોલીસ સ્ટેશન, ૧૨ નવી હાઈસ્કૂલ, ૪ કોલેજો આ વિસ્તારની જનતાને ભેટ ધરી હોવાનું જણાવી આ સરકારે અનેકવિધ વિકાસ યોજનાઓ થકી આદિવાસીઓનું ઉત્થાન કરી તેમના જીવનધોરણમાં આમૂલ પરિવર્તન આણ્યું છે એમ ઉમેર્યું હતું. તરસાડી ૧૦૦ ટકા એલ.ઈ.ડી.લાઈટ, ૯૦ટકા ગટરની સુવિધા ધરાવે છે, ઉપરાંત સ્વચ્છતામાં પણ અગ્રેસર બની રહ્યું છે. તરસાડી નગરમાં રાજય સરકારે પ્રાચીન રામજી મંદિરના જીર્ણોદ્ધાર માટે ૨.૫૦ કરોડ, અદ્યતન ઓડીટોરિયમ માટે રૂ.૯ કરોડની ફાળવણી કરી છે, જેનું પ્રગતિ હેઠળનું બાંધકામ પૂર્ણ થવાની તૈયારીમાં છે એમ જણાવી તાલુકામાં શિક્ષણ, રોડ રસ્તા, સિંચાઈ, આરોગ્ય ક્ષેત્રમાં થઇ રહેલા વિકાસકાર્યોની ઝાંખી કરાવી હતી. તેમણે ઉમેર્યું હતું.

આ વેળાએ પુલવામા આતંકી હુમલામાં શહીદી વહોરનારા જવાનોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખશ્રી પ્રફુલભાઈ પટેલ, આદિજાતિ વિકાસના મદદનીશ કમિશ્નર શ્રી એસ.એમ ગરાસીયા, બાળ આયોગના ડિરેક્ટરશ્રી હર્ષદભાઈ ચૌધરી, જિલ્લા પક્ષ પ્રમુખશ્રી દિલીપસિંહ રાઠોડ, ચીફ ઓફિસર રાજેશ દેસાઈ, સુરત આદિજાતિ કચેરીના અધિક્ષકશ્રી દિનેશભાઈ લાડ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણ રમતોની પ્રુવન ટેલેન્ટ ખેલ કસોટીઓનું વડોદરા શહેર-જિલ્લામાં આયોજન

પસંદગી પામેલા રમતવીરોને ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ સ્કુલ્સમાં રમતની તાલીમ અને શિક્ષણની તક મળશે

વડોદરા

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા વિવિધ સ્થળોએ વિવિધ રમતો માટેની જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ્સ (ડી.એલ.એસ.એસ.)નું સંચાલન કરવામાં આવે છે અને પસંદ થયેલા પ્રતિભાશાળી રમતવીરોના આ શાળાઓમાં સંબંધિત રમતોની શ્રેષ્ઠ તાલીમ અને શિક્ષણનો લગભગ વિનામૂલ્યે લાભ આપવામાં આવે છે.આ અંગે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વડોદરાના સીનીયર કોચશ્રી જયેશ ભાલાવાળાના જણાવ્યા પ્રમાણે વડોદરામાં તેમજ શિનોર તાલુકાના મોટા ફોફળીયા ગામે, ત્રણ રમતોની સ્પોર્ટસ સ્કુલ્સમાં પ્રવેશ માટે સિધ્ધવંતા અને પ્રતિભાશાળી રમતવીરોની પસંદગી કરવા પ્રુવન ટેલેન્ટ(પી.ટી.) કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. તે પ્રમાણે બુધવારે તા.૦૬/૦૩/૨૦૧૯ના રોજ જીમ્નાસ્ટીક્સ માટે શિનોર તાલુકાના મોટા ફોફળીયા ગામે સી.એ.પટેલ લન'ગ ઈન્સ્ટીટયુટમાં સવારના ૦૮:૦૦ વાગ્યાથી અને માંજલપુર સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે શૂટીંગ માટે સવારના ૦૯:૦૦ વાગ્યાથી પી.ટી. કસોટી રાખવામાં આવી છે. જ્યારે ગુરૂવાર તા.૦૭/૦૩/૨૦૧૯ના રોજ સવારના ૦૮:૦૦ કલાકથી સમા ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે સ્વીમીંગના ખેલાડીઓ માટે પી.ટી. કસોટી રાખવામાં આવી છે. સંબંધિત સિધ્ધવંતા રમતવીરોને તેની નોંધ લઈને સમયસર હાજર રહેવા જણાવાયું છે. વિગતવાર જાણકારી માટે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વાઘોડીયા રોડ, રમત સંકુલ, વડોદરાનો સંપર્ક કરવા જણાવાયું છે.

લગ્ન કરવાની લાલચ આપી યુવતી પર યુવકનો બળાત્કાર

સુરત

લગ્ન કરવાની લાલચ આપી અવાર નવાર શરીર સુખ માણ્યા બાદ લગ્ન કરવાને બદલે બદનામ કરવાની ધમકી આપ્યાનો બનાવ સરથાણા પોલીસ મથકે નોંધાયો હતો.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ યોગીચોક વિસ્તારમાં રહેતો પીયૂષ અટાલિયા નામના વ્યકિતએ ફરિયાદી યુવતીને લગ્ન કરવાની લાલચ આપી શરીર સુખ માણતો હતો. ત્યારબાદ લગ્ન કરવાની ના પાડી દઈ ફરિયાદીને યુવતીનેબદનામ કરવાની ધમકી આપતો હતો. પીડિતાએ આરોપી પીયૂષ અટાલિયા વિરુદ્ધ સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઈ.પી.કો. કલમ ૩૭૬ (એન), ૩૫૪, ૪૯, ૯ મુબજનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં ગુંજ સોશિયલ ગ્રુપ દ્વારા સમૂહ લગ્નોત્સવ યોજાયો

અંકલેશ્વર

અંકલેશ્વર ખાતે ગુંજ સોશિયલ ગ્રુપ દ્વારા આયોજિત ચોથા સમૂહ લગ્નોત્સવમાં ૫૧ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા.

અંકલેશ્વર ખાતે સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ક્ષેત્રે કાર્યરત ગુંજ સોશિયલ ગ્રુપ દ્વારા રવિવારનાં રોજ ચોથા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નમાં અંકલેશ્વર હાંસોટ ઉપરાંત અન્ય ગ્રામ્ય વિસ્તારોના યુવક યુવતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. કુલ ૫૧ યુગલો આ લગ્નોત્સવમાં લગ્નબંધનથી જોડાયા હતા. જેમનો ગુંજ સોશિયલ ગ્રુપ તરફથી લગ્નવિધિથી લઈ ઘરવખરી સુધીનો તમામ ખર્ચ ઉઠાવવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે રામકુંડ મંદિરનાં મહંત ગંગાદાસજી બાપુ, ગુંજ સોશિયલ ગ્રુપનાં પ્રમુખ સુધીર ગુપ્તા, ઉપપ્રમુખ ગણેશ અગ્રવાલ, આયોજક કમિટીના સભ્યો, હોદેદારો સહિત નવપરિણિત યુગલોના કુટુંબીજનો, મહેમાનો ઉપસ્થિત રહી આર્શીવચન પાઠવ્યા હતા.

વરાછામાં સગીર છોકરીની છેડતી

સુરત

સગીર વયની યુવતીનો સરા જાહેર હાથ પકડી છેડતી કરનાર રોડ રોમિયોની વિરુદ્ધ વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા જુની બોમ્બે માર્કેટ પાછળ ટાંકણી ફળિયામાં રહેતો હિતેશ માલિયાએ માસીની દીકરીને ઘરે મૂકવા જતા સગીર વયની યુવતીનો પીછો કરી બન્ને ખભા પકડી લઈ છેડતી કરતા ફરિયાદીએ કહ્યું કે હું તમારી પત્ની જેથી આરોપીએ બિભત્સ ગાળો આપતા ફરિયાદીએ બૂમાબૂમ કરી મૂકતા આરોપી નાસી ગયો હતો. બનાવ અંગે વરાછા પોલીસે પોસ્કો એકટ અન્વયે ગુનોનોંધી તપાસ હાથ ધરી છે.

શહેર-જિલ્લાના અસંગઠિત ક્ષેત્રના હજારો શ્રમયોગીઓ આજથી પેન્શન યોજનાના લાભાર્થી બનશે

આજે લાભાર્થીઓને સાંસદશ્રી અને મહાનુભાવો પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનાના કાર્ડસનું વિતરણ કરશે : ગુજરાત રીફાઈનરી ટાઉનશીપ ખાતે કાર્યક્રમનું આયોજન

વડોદરા

વડોદરા શહેર-જિલ્લાના અસંગઠિત ક્ષેત્રોના રીક્શા ચાલક, ખેતમજુર, દુકાનોના કર્મચારીઓ જેવા યોજનાના માપદંડો અનુસાર લાભને પાત્ર હજારો કારીગરો, કામદારો, શ્રમિકો આવતીકાલ મંગળવારથી ભારત સરકાર ધ્વારા શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના(પીએમએસવાયએમ)ના લાભાર્થી બનીને, ૬૦ વર્ષની ઉંમરથી માસીક પેન્શન મેળવવાને પાત્ર બની જશે. મંગળવાર તા.૦૫/૦૩/૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રીશ્રી આ યોજનાનો દેશવ્યાપી શુભારંભ કરાવવાના છે. તેને અનુલક્ષીને મંગળવારના રોજ જિલ્લા પ્રશાસન ધ્વારા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રીફાઈનરી ટાઉનશીપના સ્પંદન હોલમાં સવારના ૧૦:૩૦ કલાકથી પીએમ-એસવાયએમના લાભાર્થીઓને પેન્સન કાર્ડસના વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે સાંસદ શ્રીમતી રંજનબહેન ભટ્ટ, માટીકામ કારીગરી બોર્ડના અધ્યક્ષશ્રી દલસુખભાઈ પ્રજાપતિ, ધારાસભ્યશ્રીઓ અને મહાનુભાવો લાભાર્થી શ્રમયોગીઓને કાર્ડસનું વિતરણ કરશે. આ કાર્યક્રમમાં કાર્ડ વિતરણ પછી પ્રધાનમંત્રીશ્રીના રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

અંકલેશ્વરમાં મહાશિવરાત્રી પર્વે શિવાલયોમાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા

અંકલેશ્વર

સમગ્ર અંગલેશ્વર પંથકમાં ભગવાન શિવની આરાધનાના મહાપર્વ શિવરાત્રિની શ્રદ્ધા અને આસ્થા સાથે હર્ષોલ્લાસભેર ઉજવણી કરાઈ હતી.

શિવના વાર સોમવારે જ મહાશિવરાત્રી પર્વ ાવતા ભક્તોમાં અનન્ય આનંદ અને શ્રદ્ધા જોવા મળી હતી. અંકલેશ્વર નગરના વિવિધ શિવાલયો અંતરનાથ મહાદેવ, માંડવ્યેશ્વર મહાદેવ, માર્કન્ડેશ્વર મહાદેવ, રત્નેશ્વર મહાદેવ, નર્મદેશ્વર મહાદેવ, ચંદ્રમૌલેશ્વર મહાદેવ, એકલિંગનાથજી મહાદેવ સહિતના મંદિરોમાં વહેલી સવારથી જ ભોલેનાથના દર્શનાર્થે માનવ મહેરામણ ઊમટી પડ્યો હતો. બમ બમ ભોલે અને હર હર મહાદેવનાં નારાથી શિવાલયો ગૂંજી ઉઠ્યા હતા. સવારથી ભગવાન શિવને નીર, ક્ષીર અને બિલિપત્ર ચડાવવા ભક્તોની લાંબી કતારો જામી હતી. મોટાભાગના મંદિરોમાં શિવની પ્રસાદી એવું ભાંગ ઠંડાઈનું વિતરણ કરાયું હતું.

અંકલેશ્વર રામકુંડ સ્થિત પૌરાણિક માંડવ્યેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રી પર્વને લઈ લઘુરૂદ્રનું આયોજન કરાયું હતું. અંતરનાથ મહાદેવ મંદિરે પણ રૂદ્ર યોજાયો હતો. આ બંને સ્થળે સેંકડો ભક્તોએ આ ધાર્મિક કાર્યક્રમમાં શિવ આરાધના કરીને કૃતાર્થ થવાની લાગણી અનુભવી હતી.

અંકલેશ્વર જીઆઈડીસીમાં માનવ મંદિર સજોદ ગામે સિદ્ધરૂદ્રેશ્વર મહાદેવ, ભડકોદરા સ્થિત શિવ મંદિર સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં પણ શિવરાત્રીની રંગેચંગે ઉજવણી કરાઈ હતી.

નર્મદા જિલ્લાના શિવાલયોમાં મહા શિવરાત્રી નિમિત્તે ભક્તોની ભારે ભીડ



સાગબારા તાલુકાના દેવમોગરા ખાતે મહા શિવરાત્રીનો મેળો શરૂ આદિવાસી સમાજની કુળદેવી પાંડોરી માતાજીના મંદિરે દર વર્ષે યોજાતા પારંપરિક મેળામાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પણ લાખોની સંખ્યામાં આદિવાસી સમાજના શ્રધ્ધાળુઓ આવશે ત્યારે તારીખ ૪ થી ૮ માર્ચ દરમિયાન ભરાનારા આ મેળા માં લાખોની સંખ્યા માં ભક્તો આવનારા હોય વહીવટી તંત્ર દ્વારા આગાઉથી પૂરતું આયોજન કરવામાં આવ્યું છે.આજે મહાશિવરાત્રીના પવિત્ર દિવસે પણ ખુબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળી હતી જેમણે શ્રદ્ધા પૂર્વક પૂજા અર્ચના કરી મેળાનો આનંદ માણ્યો હતો

અત્રે ઉલ્લેખનીય છેકે રાજપીપળાના શિવ મંદિરો સહીત રાજપીપળાને અડીને આવેલા મણી નાગેશ્વર મહાદેવ મંદિરે અને જીતનગર ખાતેના મહાદેવ મંદિરે પણ દર વર્ષની જેમ આ વર્ષે મેળાનું આયોજન થયું જેમાં પણ રાજપીપળા સહીત આસપાસના ગામોના ભક્તો ખુબ મોટી સંખ્યામાં દર્શનાર્થે પોહ્ચ્યા હતા. કુંવરપુરાના યુવા સરપંચ નિરંજન વસાવાના જણાવ્યા મુજબ મણિનાગેશ્વર મંદિરે ભક્તોની પ્રસાદી માટે ૨૦૦ કિલો ભાંગ બનાવાઈ હતી.

હોબાળા બાદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી જાગી, તાડબતોડ પરિણામ જાહેર કર્યા



સુરત

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં ઓનલાઈન સોફ્ટવેરની આડમાં વિદ્યાર્થીઓના પરિણામ જાહેર ન કરવામાં આવતા હોબાળો મચી ગયો હતો. આ સમગ્ર પ્રકરણમાં યુનિવર્સિટી તંત્રએ તાબડતોડ પરિણામો જાહેર કરવાની ફરજ પડી છે.

ફેબ્રુઆરીમાં મહિનો પણ પૂર્ણ થઈ ગયો હોવા છતાં વિવિધ અભ્યાક્રમોમાં સેમેન્ટર-૧માં અભ્યાસ કરતા ૬૦ હજાર જેટલા વિદ્યાર્થીઓના પરિણામ જાહેર કરવામાં આવ્યા ન હતા. જેથી વિદ્યાર્થીઓ દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. સમગ્ર પ્રકરણમાં યુનિવર્સિટી તંત્રએ તાબડતોડ ત્રણ દિવસમાં ૨૭ જેટલા પરિણામો જાહેર કરવાની ફરજ પડી છે. ૧ માર્ચના રોજ યુજી,પીજી સહિત ૧૭ પરિણામો, ૨ માર્ચના રોજ ૫ અને ૩ માર્ચના રોજ ૫ જેટલા પરિણામો જાહેર કર્યા હતા.

૨૭ પરિણામો જાહેર કર્યા છતાં હજું બીકોમ અને બીએસસી સેમેસ્ટર-૧ના પરિણામો જાહેર કરવાના બાકી છે. હાલ સુધી ઓનલાઈન સિસ્ટમની રાહે બેસી રહેલા યુનિવર્સિટી તંત્રએ હવે કર્મચારીઓની રવિવાર અને સોમવાર માહાશિવ રાત્રીની જાહેર રજા કેન્સલ કરી પરિણામો જાહેર કરવાની ફરજ પડી હતી.

રાજપીપળાના ભદામ ગામની સીમમાં થયેલા મર્ડરના આરોપીને ગણતરીના કલાકોમાં શોધી કાઢતી એસઓજી પોલીસ



મરનારને હત્યારાની પત્ની સાથે આડો સંબંધ હોવાના વહેમે હત્યા કરી હોવાનું ખુલ્યું

મરનાર અને મારનાર બંને ની ઓળખ થઈ ન હોય નર્મદા પોલીસની સુજબુજથી તાત્કાલિક ભેદ ઉકેલાયો

રાજપીપળા : રાજપીપળા પાસેના ભદામ ગામે એક અજાણ્યા વ્યક્તિની પથ્થરો મારી હત્યા કરી હત્યારો ફરાર થયો હોવાની ઘટના બની હતી ત્યારે પોલીસે તાત્કાલિક પગલાં લેતા આ ગુના પરથી પડદો ઉંચકાયો હતો .

નર્મદા જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને નાયબ પોલીસ અધિક્ષક રાજેશ પરમારના માર્ગદર્શન હેઠળ ભદામ ગામમાં એક અજાણ્યા વ્યક્તિની હત્યા કરેલી હાલતમાં લાશ મળી આવેલ જે અંગે રાજપીપલા પો.સ્ટે ખાતે ગુ.ર.નં ફ.૨૯/૨૦૧૯ ઈ.ી.કો. કલમ ૩૦૨ મુજબનો ગુનો દાખલ થયેલ હોય આ ગુન્હાને ડીટેક્ટ કરી આરોપી વહેલમાં વહેલી તકે શોધી કાઢવા નર્મદા પોલીસે અલગ અલગ ટીમો બનાવી ગુનો ડીટેક્ટ કરવાની સુચનાના આધારે એસઓજી પીએસઆઇ ડી.બી. કુમાવત તથા તેમની ટિમ તેમજ એલસીબીની ટીમ દ્વારા તપાસ દરમ્યાન માહિતી મળતા મધ્યપ્રદેશ ખાતેના થાનસીંગ ઉર્ફે કાલીયા ઉર્ફે ખુમસીંગ ભીલાલા(વાસ્કલા) ઉ. વ. ૩૬ રહે.બેડવા તા.સોંઢવા જિ.અલીરાજપુર (એમ.પી) ના ઉપર શક હોઈ આ વ્યક્તિને મધ્યપ્રદેશના અલીરાજપુર ખાતેથી પકડી લાવી એલ.સી.બી તથા એસ.ઓ.જી સ્ટાફે પુંછપરછ કરતા આરોપી થાનસિંગની પત્નિ સાથે મરનાર ભાંગડીયાભાઈ રહે,બેડવા મધ્યપ્રદેશ ના અનૈતિક સંબધો હોવાનો વહેમ રાખતા અગાઉ પણ આ બંનેને ઝઘડો થયેલ જેની અદાવતે મરનારને દારૂ પીવડાવવાના બહાને તેના મિત્ર છત્રસિંહ એ ભદામ ગામના ખેતરોમાં લઈ જઈ ઝઘડો કરેલ અને છત્રસિંહ રાઠવા મુળ રહે. નસવાડી, જી. છોટાઉદેપુર સાથે આ કામના આરોપી થાનસીંગ વેડીયા ભીલાલા ઉ.વ.૩૬ રહે.બેડવા,એમ પી એ મરનારને પથ્થર વડે મારી મોત નિપજાવ્યુ હોવાનો ભેદ ઉકેલાયો હતો આમ પોલીસે ગણતરીના કલાકોમાં થાનસીંગ ઉર્ફે કાલીયાની ધરપકડ કરી સફળતા મેળવી હતી.જ્યારે છત્રસિંહને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ભરૂચ સી ડીવીઝન પો.સ્ટે.વિસ્તારમાંથી ઈંગ્લિશ દારૂનો જથ્થો પકડી પાડતી ભરૂચ એસઓજી પોલીસ



ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાના ઓએ ભરૂચ જીલ્લામાં ચાલતી ગુનાહીત પ્રવૃતિ તેમજ એ.ટી.એસ. ચાર્ટરની કામગીરી શોધી કાઢવા સુચના આપેલ તે અનુસંધાને પીઆઈ પી.એન.પટેલના માર્ગદર્શન આધારે એસ.ઓ.જી. સ્ટાફના માણસો ભરૂચ ટાઉન વિસ્તારમા પેટ્રોલીગમા હતા તે દરમ્યાન હે.કો.ધર્મેદ્ર જુલાલ એસ.ઓ.જી. ભરૂચ નાઓને બાતમીદારથી બાતમી મળતા પો.સ.ઈ. આર.એમ.વસાવા ભરૂચ શહેર "સી" ડીવી. પો.સ્ટે.નાઓને બાતમી હકીકતની જાણ કરતા તેમના સ્ટાફના માણસો સાથે ભરૂચ જી.એન.એફ.સી.ચોકડી પાસેથી થી-વ્હીલ પીયાગો ટેમ્પો નં.જી.જે.૧૬.વી. ૬૪૭૪ને પકડી પાડી તેમાથી પ્લાસ્ટીકના ડ્રમમાથી ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો જેની કિ.રૂ.૧,૧૫,૨૦૦/-તથા થી-વ્હીલ પીયાગો ટેમ્પો કિ.૮૦,૦૦૦/- તથા આરોપીઓની અંગઝડતીના મોબાઈલ ફોનની કુલ-૫ કિ.રૂ.૧૧,૦૦૦/- તથા પ્લાસ્ટીકના ડ્રમ નંગ-૪ કિ.૮૦૦/-મળી કુલ કી.રૂ.૨,૦૬,૮૦૦/- નો મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે.

લાખોનો માહોલ ઉધારીમાં ખરીદી દુકાન બંધ કરી ત્રણ વેપારીઓ ફરાર

રૂા. ૨૩.૩૧ લાખની ઠગાઈ અંગે પોલીસ ફરિયાદ

સુરત

રૂા. ૨૩.૩૧ લાખની કિંમતની લેસ પટ્ટીનો માલ ખરીધ્યા બાદ પેમેન્ટ ચૂકવવાને બદલે દુકન બંધ કરી નાસી જનાર રાજસ્થાનના શ્રી કૃપા લેસના ત્રણ માલિકો વિરુદ્ધ પૂણા પોલીસ મથકે રિયાદ નોંધાઈ હતી.

પૂણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સરથાણા યોગી ચોક વિસ્તારમાં રહેતા અને અર્ચના સ્કૂલ ખાતે સીતારામ સોસાયટીમાં લેસપટ્ટીનો વેપાર કરતાં કિશોર જીવરાજભાઈ રાદડિયાએ આરોપી મહેન્દ્રસિંહ પહાડસિંહ રાજપૂત, ગણપતસિંહ પહાડસિંહ વિક્રમસિંહ પહાડસિંહ (શ્રી કૃપા લેસ, જાલોર રાજસ્થાન) વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂા. ૨૩,૩૧,૦૯૫ની કિંમતની લેસ પટ્ટીનો માલ ખરીધ્યો હતો. આરોપીઓએ પેમેન્ટ ચૂકવવાને બદલે દુકાન બંધ કરી નાસી ગયા હતા. પુણા પોલીસે વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

મિત્રની નજર સામે જ નદીમાં છલાંગ મારી યુવકનો આપઘાત



સુરત

ડભોલીમાં તાપી નદી પર આવેલા કોઝ-વે પરથી એક વકીલે મિત્રની નજર સામે તાપી નદીમાં છલાંગ મારી આપઘાત કરી લીધો હતો. દુકાનના ઉદ્ઘાટન પ્રસંગમાં હાજરી આપી ઘરે પરત ફરતા દીપકે મિત્રને પ્રેમિકા સાથે થતા ઝઘડાથી હતાશ થઈ આપઘાતના વિચાર આવતા હોવાની વાત પણ કરી હતી. કોઝ-વે ઉપર ઉભા રહી તણાવ દૂર કરવાનો પ્રયાસ કરતા દીપકે મિત્રની નજર ચૂકતા જ પાણીમાં છલાંગ મારી દીધી હતી. જોકે, ઘટનાની જાણ બાદ દોડી આવેલી ફાયર વિભાગની ટીમે તાત્કાલિક દીપકને કોઝ-વેના પાણીમાંથી બહાર કાઢી સારવાર માટે સિવિલ લઈ આવતા મૃત જાહેર કરાયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, મૃતક દિપક નંદકિશોર પ્રજાપતિ (ઉ.વ. ૨૭) છાપરાભાથા શ્યામકૃપા સોસાયટીનો રહેવાસી હતો. અને વકિલાતની પ્રેક્ટીસ કરતો હતો. દિપક રવિવારની રાત્રે મિત્ર હમીર સાથે એક સાથી મિત્રની દુકાનના ઉદ્ઘાટન પ્રસંગમાં ગયો હતો. જ્યાં દિપક હતાશ હોવાનું જણાવ્યું હતું. જેથી દિપક મિત્ર હમીરને લઈ કોઝ-વે પર આવ્યો હતો. જ્યાં બન્ને વચ્ચે લાંબી ચર્ચા પણ થઈ હતી. પ્રેમિકા સાથે ચાલતી માથાકૂટને લઈ દિપક આપઘાત કરવાનું કહેતો હતો. જેને લઈ તેને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. એક રાહદારી કાકાએ પણ દીપકને સમજાવ્યો હતો. જોકે, થોડી દૂર કાકા પડી જતા હમીર તેમની મદદે ગયો હતો. દરમિયાન જ દીપકે કોઝ-વેના પાણીમાં કૂદી આપઘાત કરી લીધો હતો. હાલ પોલીસ તપાસ કરી રહી હોવાનું જાણવા મળ્યું છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847